


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 044
Dt.: 22-10-2025,
Wednesday
Page : 08
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nakanram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### આ કરાર ચીનની પકડ ઢીલી કરશે, કારણ કે તે આધુનિક ટેકનોલોજી પ્રોડેક્ટસ માટે આ દુર્લભ પૃથ્વી મિનરલ્સની ખૂબ જ જરુર પડે છે

# ચીનને મોટો ઝટકો: અમેરિકાએ ઓસ્ટ્રેલિયા સાથે રેર અર્થ મિનરલ્સ સમજૂતી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ સાથે દુર્લભ પૃથ્વી મિનરલ્સ (ખનીજો) ના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેના બદલામાં અમેરિકા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન આપશે. વ્હાઈટ હાઉસ ખાતે બંને નેતાઓ વચ્ચેની બેઠક દરમિયાન આ મહત્ત્વપૂર્ણ કરાર કરવામાં આવ્યો હતો. અલ્બેનીઝે જણાવ્યું હતું કે, ૮.૫ અબજ ડોલરનો આ કરાર બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જશે. તેમજ આ કરાર ચીનની પકડ ઢીલી કરશે,

કારણ કે તે આધુનિક ટેકનોલોજી પ્રોડેક્ટસ માટે આ દુર્લભ પૃથ્વી મિનરલ્સની ખૂબ જ જરુર પડે છે.

આંકડા દર્શાવે છે કે, ઓસ્ટ્રેલિયા લિથિયમ, કોબાલ્ટ અને મેંગેનીઝના ઉત્પાદનમાં વિશ્વભરમાં પાંચમા ક્રમે છે. આ મિનરલ્સનો ઉપયોગ સેમિકન્ડક્ટરથી લઈને ડિફેન્સ હાર્ડવેર, ઈલેક્ટ્રિક કાર અને વિન્ડ ટર્બાઈન સુધીની દરેક બાબતમાં થાય છે.

હાલમાં, લિથિયમ અને નિકલના શુદ્ધિકરણમાં મામલે ચીન પહેલા ક્રમે છે. આ દુર્લભ પૃથ્વી મિનરલ્સના પ્રક્રિયામાં કોઈ ચીનને પછાડી શક્યું નથી.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા વેપાર યુદ્ધ વચ્ચે ઓસ્ટ્રેલિયા સાથેનો આ કરાર નોંધપાત્ર મહત્ત્વપૂર્ણ છે. આ મિનરલ્સનો ઉપયોગ મિસાઈલો અને સૌર પેનલમાં મોટા પાયે કરવામાં આવે છે. ઓસ્ટ્રેલિયા અને અમેરિકા આગામી છ મહિનામાં આ ક્ષેત્રમાં સંયુક્ત રીતે ૩ અરબનું રોકાણ કરી રહ્યા છે.

ખનિજ ખાણકામ મામલે ઓસ્ટ્રેલિયા અગ્રેસર છે, પરંતુ તે મોટી માત્રામાં પ્રક્રિયા કરી શકતું નથી, જેથી કરીને લિથિયમ જેવા ખનિજો ચીન મોકલવા પડે છે. કુલ લિથિયમ ઉત્પાદનનો આશરે ૯૦% હિસ્સો ચીનમાં જાય છે, જ્યાં ચીન તેના પ્રોસેસિંગમાંથી નોંધપાત્ર નફો કમાય છે.

## અંક બંધ

તા. ૨૨, ૨૩ અને ૨૪ ઓક્ટોબરનાં રોજ નૂતન વર્ષાભિનાંદના, ભાઈબીજ તેમજ ત્રીજનો તહેવાર હોવાથી અમારું કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. તેથી તા. ૨૩, ૨૪, ૨૫ ઓક્ટોબરનો અંક પ્રસિદ્ધ થશે નાહિ. તા. ૨૬ ઓક્ટોબરથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે.

- તંત્રીશ્રી


SABARMATI DEVELOPMENT SOCIETY SANCHALIT
SHETH SHRI PUKHRAJ RAICHAND GENERAL HOSPITAL
RAMNAGAR, SABARMATI, AHMEDABAD – 380005
So.No. 1958/Guj.558 Dt. 30/09/1977 Sarvajanik Trust Reg. No. F/630 Dt. 03/10/1977
Contact No.: Reception : 079 – 27508781, 27506861, Fax: 27504514 Email: pukhrajhospital@yahoo.com

24 HOURS EMERGENCY SERVICE



AVAILABLE FACILITIES
· Delux Room
· Premier Special Room
· Non-Ac Room
· Semi Delux & Special room
· General Ward
· ICCU & NICU

CORPORATE CASHLESS
• STTEL AUTHORITY OF INDIA
• BHARAT SANCHAR NIGAM LIMITED
• ISRO & HUDCO
• PHYSICAL RESEARCH LABORATORY
PRIVATE INSURANCE COMPANY
• HDFC ERGO HEALTH INSURANCE COMPANY LTD -
• RELIANCE GENERAL INSURANCE
• IFFCO-TOKIO INSURANCE COMPANY
• TATA- AIG
GOVERMENET INSURANCE COMPANY
- THE NEW INDIA INSURANCE COMPANY LTD
- ORIENTAL INSURANCE COMPANY LTD
- UNITED INDIA INSURANCE COMPANY LTD
- NATIONAL INSURANCE COMPANY LTD
ALL TPA'S WITH PPN NETWORK CASHLESS FACILITY AVAILABLE

INVESTIGATION
• Pathology Laboratory
• Digital X-ray department
• Sonography , Color Doppler
• 2D Echo-cardiography
• TMT, ECG
• Pulmonary Function Test (PFT)
• Sleep Study
• Audiometry
• Upper Gastroscopy, Colonoscopy
• Advance Dialysis Centre
• Joint Replacement Surgery Centre
• Eye Surgery by Phaco Machine
• Labour Room
• Advance Modular Operation Theatres
• Physiotheraphy Centre



નૂતન વર્ષાભિનંદન



Jai Ambe Transport
Abhishek Enterprise
ધર્મનગર ઓફીસ કોમ્પ્લેક્ષ, ધર્મનગર, સાબરમતી, અમદાવાદ- ૩૮૦ ૦૦૫



Surendra Jain 9824010477
CLL
CTA Logistics Limited
603,Abhijeet I Mithakhali Six Road, Navrangpura,Ahmedabad-9.
Phone : 6401515,26402227,26402228
Fax : 079 - 26409495, E-mail : cll@sancharnet.in









AUTHORISED DEALER
MAHENDRABHAI PATEL-94265 45858
MAHADEV HARDWARE






Opp. H.H. Patel High School, Ramdevnagar, Sabarmati, Ahmedabad-380005.




## તંત્રી લેખ......

### રોશનીથી ઝગમગી ઉઠ્યા શહેરો, ભવ્ય આતશબાજી સાથે દેશભરમાં દિવાળીની ઉજવણી

૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ દેશભરમાં ખૂબ જ ઉત્સાહથી દિવાળી ઉજવવામાં આવી છે.બજારો ધમધમી રહ્યા હતાં અને શહેરો રોશનીથી ઝગમગી ઉઠ્યા હતાં તો ચારેબાજુથી ફટાકડાનો અવાજ આવી રહ્યો હતો. ઘરોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતાં. લોકોએ દેશભરમાં ફટાકડા ફોડીને આનંદથી પ્રકાશના તહેવારની ઉજવણી કરી છે. તો લોકો તેમના ઘરે દેવી લક્ષ્મીની પૂજા કરીને દિવાળીની ઉજવણી કરી છે. અમદાવાદ, દિલ્હી, મુંબઈ જેવા મોટા શહેરોમાં ભવ્ય આતશબાજી સાથે દિવાળીની ઉજવણી કરવામાં આવી છે. દિવાળી નિમિત્તે મુંબઈના શિવાજી પાર્કને સુંદર રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યો હતો. દેશભરના શહેરોમાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા, જ્યાં ગણેશ અને લક્ષ્મી પૂજા, રંગબેરંગી રોશની અને ફટાકડાના અવાજે તહેવારને અનોખો બનાવ્યો. બોર્ડર સિક્યુરિટી ફોર્સના સૈનિકોએ ફુલબારીમાં દીવા પ્રગટાવીને અને ભારત-બાંગ્લાદેશ સરહદ પરના મંદિરમાં પ્રાર્થના કરીને દિવાળીની ઉજવણી કરી. જવાનો સરહદની રક્ષાની સાથે ખુશીથી દિવાળી ઉજવી રહ્યા છે. દીવા પ્રગટાવ્યા, મીઠાઈઓ વહેંચી અને એકબીજાને શુભેચ્છા પાઠવીને દિવાળીના ધામધૂમથી ઉજવણી કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશના વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિર અને અન્ય તીર્થસ્થળોને ફૂલો, માટીના દીવા અને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી આદિત્યનાથે અયોધ્યામાં હનુમાનગઢી મંદિરની મુલાકાત લીધી અને ત્યાં પ્રાર્થના કરી. તેમણે અને અન્ય નેતાઓએ આ પ્રસંગે લોકોને શુભેચ્છા પાઠવી અને દરેકના સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. વારાણસીમાં, મા કાલરાત્રિ મંદિરના મહંત સુરેન્દ્ર તિવારીએ જણાવ્યું હતું કે રવિવારે રાત્રે મા કાલરાત્રિનું આહ્વાન કરવા માટે એક ખાસ વિધિ કરવામાં આવી હતી. મુસ્લિમ મહિલાઓએ ભગવાન રામની ‘આરતી’ કરી હતી. મુસ્લિમ મહિલા ફાઉન્ડેશનના નાઝનીન અંસારીએ જણાવ્યું હતું કે મુસ્લિમ મહિલા ફાઉન્ડેશન અને વિશ્વ ભારત સંસ્થાનના સંયુક્ત આશ્રય હેઠળ લમ્હીના સુભાષ ભવન ખાતે શ્રી રામ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. હરિયાણા પોલીસે દિવાળી પર આનંદ ફેલાવવા માટે પહેલ કરી હતી, જેમાં ઘણા પોલીસ કર્મચારીઓ અનાથાલયો, વૃદ્ધાશ્રમો, ઝૂંપડપટ્ટીઓ અને બેઘર લોકોની મુલાકાત લેતા હતા. એક ખાસ પહેલના ભાગ રૂપે, રાજ્યભરના પોલીસ અધિકારીઓએ તેમના વિસ્તારોમાં સ્થાનો પસંદ કર્યા, બાળકો અને વૃદ્ધો સાથે દીવા પ્રગટાવ્યા અને તેમની વચ્ચે મીઠાઈઓ વહેંચી. પશ્ચિમ બંગાળમાં કાલી મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી, જ્યાં આ દિવસે કાલી પૂજા ઉજવવામાં આવે છે. ૩૨૨ વર્ષ જૂની થંથાનિયા કાલી બારી, કાલીઘાટ મંદિર, ફિરીંગી કાલી બારી, ઉત્તર કોલકાતામાં દક્ષિણેશ્વર મંદિર અને બીરભૂમના તારાપીઠમાં ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી જેઓ પ્રાર્થના કરવા, દીવા પ્રગટાવવા અને દેવી કાલીનાં આશીર્વાદ લેવા આવ્યા હતા. ઝારખંડમાં દીપાવલી ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી, જોકે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કેટલાક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. ઝારખંડ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આદેશ અનુસાર, લોકોને દિવાળીની રાત્રે બે કલાક માટે, રાત્રે ૮ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવી હતી.ત્રિપુરામાં, મુખ્યમંત્રી માણિક સાહાએ ૫૧ ‘શક્તિપીઠો’ પૈકીના એક, ગોમતી જિલ્લામાં મા ત્રિપુરા સુંદરી મંદિરમાં દિવાળી ઉજવણી અને મેળાનું ઉદ્ઘાટન કર્યું. તમિલનાડુમાં ભારે વરસાદથી દિવાળીની ભાવના ઓછી થઈ ન હતી. લોકો વહેલા ઉઠી ગયા, નવા કપડાં પહેર્યા અને પ્રકાશના તહેવારની ઉજવણી માટે ફટાકડા ફોડ્યા.

તમિલનાડુ સરકારે ૨૦૧૮ના સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને કહ્યું કે લોકો બે કલાક માટે ફટાકડા ફોડી શકે છે – સવારે ૬ વાગ્યાથી ૭ વાગ્યા સુધી અને સાંજે ૭ વાગ્યાથી ૮ વાગ્યા સુધી. વરસાદને કારણે, લોકોને ધોધમાર વરસાદ વચ્ચે પણ ફટાકડા ફોડવા પર સંતોષ માનવો પડ્યો. રાજ્યપાલ આર.એન. રવિ, વિપક્ષના નેતા એડાપ્પડી કે. પલાનીસ્વામી સહિતના રાજકીય નેતાઓ અને રજનીકાંત અને કમલ હાસન જેવી હસ્તીઓએ આ પ્રસંગે લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૯ ફટાકડા ફોડવાથી ઈજાઓ નોંધાઈ છે.

#### ટોલ કંપનીને લગભગ ૨૫ થી ૩૦ લાખ રૂપિયાનો નુકસાન

## આગરા-લખનઉ એક્સપ્રેસ વેના કર્મીઓ રૂ.૧૧૦૦ બોનસ મળતાં ભડક્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશના ફતેહાબાદ ટોલ ટેક્સ કર્મચારીઓએ દિવાળી બોનસ રૂ.૧૧૦૦ મળતા નારાજ થઈને ટોલ ગેટ ખોલી નાખ્યા હતા. જેના કારણે ધનતેરસના દિવસે, આગ્રામાં લખનઉ એક્સપ્રેસ વે પરથી હજારો વાહનો ટોલ ચૂકવ્યા વિના પસાર થયા. ટોલ ગેટ ખોલીને, કર્મચારીઓએ ઓછા બોનસ પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. જ્યારે તેઓએ તેમના મેનેજર પાસે દિવાળી બોનસ માંગ્યું, ત્યારે મેનેજરે તેમની અવગણના કરી હોવાથી કર્મચારીઓએ આ પગલું ભર્યું. દિવાળીનો બોનસ ઓછો મળતાં ફતેહાબાદ ટોલ ટેક્સના કર્મચારીઓ નારાજ હતા. તેમણે શનિવારે રાતે ટોલના ગેટ ખોલી નાખ્યાં. આથી ટોલ કંપનીને લગભગ ૨૫ થી ૩૦ લાખ રૂપિયાનો નુકસાન થયું છે, કેમ કે લગભગ ૨ કલાક સુધી ટોલ ટેક્સના કામમાં વિક્ષેપ પડ્યો હતો. મેનેજરે પહેલાં કર્મચારીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ માન્યા નહીં. ત્યારબાદ, તેમણે પોલીસના હસ્તક્ષેપથી મામલો થાળે પાડ્યો. ફતેહાબાદ ટોલ પ્લાઝા શ્રી સૈન એન્ડ દાતાર દ્વારા સંચાલિત છે, જે માર્ચ ૨૦૨૫થી કાર્યરત છે. કંપનીએ કર્મચારીઓને દિવાળી માટે માત્ર રૂ.૧૧૦૦ બોનસ આપ્યું હતું. કર્મચારીઓએ કહ્યું કે એક વર્ષની મહેનત પછી આટલું ઓછું બોનસ મળવું અપમાનજનક છે. કંપનીએ માર્ચમાં કોન્ટ્રાક્ટ સંભાળ્યો ત્યારથી અમે ત્યાં કામ કરી રહ્યા છીએ, તો અડધા વર્ષના વિલંબને કારણે તેમને ઓછું બોનસ કેવી રીતે આપી શકાય? કર્મચારીઓ સવારની શિફ્ટ માટે આવતાની સાથે જ તેઓએ વિરોધમાં કામ બંધ કરી દીધું અને દરવાજા ખોલી નાખ્યા. થોડીવારમાં જ લાંબી કતારમાં વાહનો અટક્યા વિના પસાર થવા લાગ્યા. ટોલ બૂથ પર એક પણ ટોલ વસૂલવામાં આવ્યો ન હતો.

કંપનીએ જણાવ્યું હતું કે તેમણે માર્ચ ૨૦૨૫ સુધી કરાર કર્યો હતો, તેથી આખા વર્ષનું બોનસ ચૂકવવું વ્યવહારુ નહોતું. પરંપરા જાળવી રાખવા માટે રૂ. ૧૧૦૦નું બોનસ આપવામાં આવ્યું હતું. જોકે, કર્મચારીઓનું કહેવું છે કે અમે એક વર્ષથી અહીં જ નોકરી કરી રહ્યા છીએ, તેથી અમને આખા વર્ષનું બોનસ મળવું જોઈએ. વિવાદ વધતો જોઈને, કંપનીના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને કર્મચારીઓને શાંત કરવાનો પ્રયાસ કર્યો. આખરે, વાટાઘાટો ૧૦% પગાર વધારા સાથે પૂર્ણ થઈ અને આગામી બોનસ વિતરણ દરમિયાન તેમની માંગણીઓ પર ગંભીરતાથી વિચાર કરવામાં આવશે. આ ખાતરી બાદ, કર્મચારીઓ નમ્ર બન્યા અને બે કલાક પછી ટોલ કામગીરી ફરી શરૂ થઈ.

#### બીએલએના લડાકૂઓએ ૫ના જીવ લીધા

## બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સૈન્ય પર મોટો હુમલો

### બલૂચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) નામના સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બલૂચિસ્તાન

પાકિસ્તાનના અશાંત બલૂચિસ્તાન પ્રાંતમાં સોમવારે (૨૦ ઓક્ટોબર) બપોરે બલોચ વિદ્રોહીઓએ પાકિસ્તાની અર્ધસૈનિક દળના એક વાહન પર ઘાત લગાવીને હુમલો કર્યો હતો. આ હુમલામાં પાંચ સૈનિકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અન્ય બે ગંભીર રીતે ઘાયલ થયા છે. બલૂચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) નામના સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. મળતી માહિતી અનુસાર, આ હુમલો સોમવારે (૨૦ ઓક્ટોબર) બપોરે લગભગ ૧:૦૦ વાગ્યે બલૂચિસ્તાનના મંડ વિસ્તારમાં માહિર અને રુદિગ વચ્ચેના માર્ગ પર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની અર્ધસૈનિક દળનું વાહન જ્યારે આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે BLFના લડવૈયાઓએ અચાનક તેના પર હુમલો કરી દીધો હતો. આ અણધાર્યા હુમલામાં પાંચ પાકિસ્તાની સૈન્ય કર્મીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ ઘટના બાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને હુમલાખોરોને પકડવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

ઘાયલ સૈનિકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, બલૂચિસ્તાન લાંબા સમયથી અલગતાવાદી વિદ્રોહનો સામનો કરી રહ્યું છે, જ્યાં બલોચ રાષ્ટ્રવાદી જૂથો પાકિસ્તાની સુરક્ષા દળો પર વારંવાર હુમલા કરતા રહે છે.

#### ઈઝરાયલી સૈનિકોએ હુમલો કરવા ઉશ્કેર્યાનો આરોપ

## પેલેસ્ટાઈનની મહિલા પર ઈઝરાયેલી યુવકે માથા પર ડંડા વડે નિર્દયતાથી હુમલો કર્યો

### આ હુમલો એટલો ગંભીર હતો કે મહિલાને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈઝરાયલ

ઈઝરાયલના કબ્જા હેઠળના વેસ્ટ બેંકમાં હેવાનિયતની હદ વટાવી દેતી એક ઘટના સામે આવી છે. અહીં, જૈતુન (ઓલિવ) વીણી રહેલી ૫૫ વર્ષીય પેલેસ્ટાઈનની મહિલા પર એક નકાબપોશ યહૂદી ઈઝરાયેલી યુવકે માથા પર ડંડા વડે નિર્દયતાથી હુમલો કર્યો હતો. આ હુમલો એટલો ગંભીર હતો કે મહિલાને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી.

અહેવાલ મુજબ, આ સંપૂર્ણ ઘટનાને એક અમેરિકન પત્રકાર, જૈસ્પર નથાનિએલ દ્વારા વીડિયોમાં કેદ કરી લેવામાં આવી હતી. આ હુમલો રવિવારે સવારે તુરમુસ અય્યા નામના પેલેસ્ટિઈનના ગામમાં થયો હતો. પત્રકાર નથાનિએલના જણાવ્યા અનુસાર, હુમલાખોરે ડંડાના પહેલા જ પ્રહારથી મહિલાને બેભાન કરી દીધી હતી અને તે જમીન પર પડે તે પહેલાં તેના પર બીજો પ્રહાર કર્યો હતો. પીડિત મહિલાનું નામ ઉમ્મ સાલેહ અબુ આલિયા હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના અંગે, ઈઝરાયલી સેના (IDF)એ જણાવ્યું હતું કે, તેમના સૈનિકોના આગમન પછી આ અથડામણ સમાપ્ત થઈ હતી અને તેઓ વસાહતીઓ (સેટલર્સ) દ્વારા કરવામાં આવતી "કોઈપણ પ્રકારની હિંસાની સખત નિંદા કરે છે." જોકે, પત્રકાર જૈસ્પર નથાનિએલે ઈઝરાયલી સેનાના દાવાને નકારી કાઢ્યો છે. તેણે આરોપ લગાવ્યો છે કે, ઈઝરાયેલી સૈનિકો હુમલા પહેલાથી જ ઘટનાસ્થળે હાજર હતા અને તેમણે હુમલાખોર યુવકને હુમલો કરવા માટે ઉશ્કેર્યો હતો. જેવું જ ઈઝરાયેલી યુવકે હુમલો શરૂ કર્યો, તેના ઠીક પહેલાં સૈનિકો ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ આરોપથી ઈઝરાયેલી સેનાની ભૂમિકા પર ગંભીર સવાલો ઊભા થયા છે.

#### બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેન્ચે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

## બાળકો સાથે સહેજ પણ અશ્લીલ હરકત કરવી તે પણ દુષ્કર્મ જ છે

### પીડિતાઓ અને તેમની માતાના નિવેદનો તેમજ ફોરેન્સિક પુરાવાઓ એ વાતની પુષ્ટિ કરે છે કે તેની સાથે જાતીય શોષણનો પ્રયાસ થયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેન્ચે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે બાળકો સાથે સહેજ પણ અશ્લીલ હરકત કરવી તે પણ દુષ્કર્મની શ્રેણીમાં ગણાવી જોઈએ. જસ્ટિસ નિવેદિતા મહેતાએ, વર્ધા જિલ્લાના હિંગણઘાટના રહેવાસી અને ડ્રાઈવર એવા ૩૮ વર્ષીય આરોપીની અરજી ફગાવી દેતી વખતે આ ટિપ્પણી કરી હતી.

આ આરોપી પર ૫ અને ૬ વર્ષની બાળકીઓ સાથે ગંદી હરકત કરવાનો આરોપ હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે આ પોક્સો (POCSO) કાયદા હેઠળનો કેસ છે અને આરોપીની ૧૦ વર્ષની સજા યથાવત રાખવામાં આવી છે. જસ્ટિસ મહેતાએ નોંધ્યું કે, 'પીડિતાને કોઈપણ પ્રકારના જાતીય ઈરાદાથી સ્પર્શ કરવો અથવા અશ્લીલ હરકતનો પ્રયાસ કરવો એ પણ દુષ્કર્મ ગણાય.'

માહિતી અનુસાર, આરોપીએ બાળકોને જામફળ આપીને લલચાવ્યા અને ત્યારબાદ તેમને અશ્લીલ વીડિયો બતાવ્યા હતા. આ કૃત્ય પછી, આરોપીએ તેમનું જાતીય શોષણ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સંદર્ભે, આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ અને IPCની કલમ ૩૭૬(૨)(i) તથા ૫૧૧ હેઠળ ગુનો નોંધાયો હતો. નીચલી અદાલતે આરોપીને ૫૦,૦૦૦નો દંડ પણ ફટકાર્યો હતો.જસ્ટિસ મહેતાએ સ્પષ્ટ કર્યું કે, 'પીડિતાઓ અને તેમની માતાના નિવેદનો તેમજ ફોરેન્સિક પુરાવાઓ એ વાતની પુષ્ટિ કરે છે કે તેની સાથે જાતીય શોષણનો પ્રયાસ થયો હતો. જો ઘટનાના ૧૫ દિવસ પછી મેડિકલ તપાસમાં પીડિતાના પ્રાઈવેટ પાર્ટ પર ઈજાના નિશાન ન મળે, તો તેનો અર્થ એવો નથી કે આરોપીએ જાતીય શોષણ કર્યું જ નથી. પ્રાઈવેટ પાર્ટને સ્પર્શ પણ દુષ્કર્મ જ છે.' આની સામે, આરોપીએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે પીડિતાના પરિવાર સાથેની જૂની દુશ્મનીને કારણે તેના પર ખોટા આરોપો મૂકવામાં આવ્યા છે.

જસ્ટિસ મહેતાના મતે, ગુનાની ઘટના સમયે પોક્સો એક્ટમાં જે જોગવાઈઓ હતી, તે મુજબ જ સજા થવી જોઈએ. જોકે ઓગસ્ટ ૨૦૧૯માં કાયદામાં સુધારા કરીને લઘુત્તમ ૨૦ વર્ષની સજાની જોગવાઈ ઉમેરવામાં આવી હતી. તેમ છતાં, બેન્ચે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા જાળવી રાખી, એવું તારણ આપીને કે આટલી સજા તેના માટે યોગ્ય અને પર્યાપ્ત છે.


## આપને નૂતન વર્ષાભિનંદન પાઠવતા મેયર શ્રીમતી પ્રતિભાબેન રાકેશકુમાર જૈન



મેયરશ્રી પ્રતિભાબેન રાકેશકુમાર જૈન શહેરના નગરજનોને વિક્રમ સંવત ૨૦૮૨ના નૂતન વર્ષમાં સૌને સુખ, શાંતિ, સમૃધ્ધિ, ઐશ્વર્ય અને તંદુરસ્તીની પ્રાર્થના સાથે જણાવે છે કે નૂતન વર્ષમાં પરમ કૃપાળુ પરમાત્માની કૃપા દ્રષ્ટિ આપ સૌ પર અવિરત રહે અને જીવનમાં આપ સૌની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી મંગલકામના.

ભારતીય સનાતન સંસ્કૃતિમાં દિવાળી મહત્વપૂર્ણ તહેવાર છે, જે ધર્મ, આસ્થા અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જોડાયેલો છે. દિવાળી એ અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે, જે સનાતન સંસ્કૃતિમાં જ્ઞાન અને સત્યનું વરદાન દર્શાવે છે. દિવાળી જીવનના ચાર પુરુષાર્થો – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાથે સંકળાયેલ છે. આ તહેવાર આધ્યાત્મિક વિકાસ તરફ પ્રયાણ કરવાની પ્રેરણા આપે છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ અને માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહજીના નેતૃત્વમાં ‘‘ઓપરેશન સિંદુર’’ની સફળતાથી દુનિયાના દેશોને બતાવ્યુ કે, આતંકવાદ કે દેશની સુરક્ષા-સલામતી વિરૂધ્ધમાં કોઈ પણ પ્રવૃતિ ભારત ચલાવી લેશે નહી.

તાજેતરમાં સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં મહામહીમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી દ્વારા અમદાવાદ શહેરને ૧૦ લાખથી વધુ વસ્તીવાળા શહેરની શ્રેણીમાં દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ‘‘ક્લીનેસ્ટ બીગ સીટી’’ એવોર્ડ તથા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પણ ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતી મહાનગરપાલિકાની શ્રેણીમાં પ્રથમ ક્રમાંક સાથે ‘‘નિર્મળ ગુજરાત એવોર્ડ્સ’’ પ્રાપ્ત થયો છે જે તમામ નગરજનો માટે ગર્વની બાબત છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી રાજ્યના શહેરોને સ્માર્ટ અને સસ્ટેનેબલ બનાવવા આ વર્ષને શહેરી વિકાસ વર્ષ – ૨૦૨૫ તરીકે ઉજવી રહ્યા છીએ, સાથે સાથે રમત-ગમત ક્ષેત્રે ઓલીમ્પીક અને કોમનવેલ્થ જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓના પ્રોત્સાહન માટે આપણા શહેરમાં ઉચ્ચ કક્ષાનું ‘‘વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ’’ તૈયાર કરવામાં આવ્યું છે તથા અન્ય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વિકસાવી રહ્યા છીએ તેમજ શહેરને હરીયાળું બનાવવા ‘‘એક પેડ માં કે નામ’ અભીયાનથી પ્રેરીત થઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ‘‘મિશન ફોર મિલીયન ટ્રીઝ’’ થકી શહેરના ગ્રીનકવરમાં સતત વધારો થઈ રહ્યો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ **Next Gen GST reforms** થકી જી.એસ.ટી.ના દરોમાં ઘટાડો કરી નાગરીકોને આર્થિક રાહત મળે તેવા ઉમદા નિર્ણયો કરવામાં આવ્યા છે ત્યારે આપણે પણ સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન અને તેના ઉપયોગ માટે માનનીય પ્રધાનમંત્રીશ્રીના ‘‘વોકલ ફોર લોકલ’’ના મંત્રને સમર્પિત થઈ આત્મનિર્ભરતા સાથે દેશના અર્થતંત્રને વધુ મજબૂત બનાવીએ.

"સર્વજન હિતાય સર્વજન સુખાય"ની ભાવના સાથે દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ નાખેલો વિકાસનો મજબૂત પાયો, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહજીની વિકાસલક્ષી પ્રેરણા તથા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીની કર્તવ્યનિષ્ઠા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટીની ચુંટાયેલી પાંખ અને સૌ શહેરીજનોના પ્રયાસથી વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરતા આપણું શહેર વિકાસનો પર્યાય બની રહ્યું છે.

દિવાળી એટલે ભગવાન શ્રીરામ દ્વારા અસત્ય પર સત્યના વિજય સ્વરૂપ રાવણ વધ કરી અયોધ્યા પાછા આવવાનો પવિત્ર દિવસ અને નૂતન વર્ષ એટલે રામ રાજ્યની સ્થાપનાની શરૂઆત. ભગવાન શ્રીરામ, શ્રીજગન્નાથજી અને નગરદેવી માં ભદ્રકાળીની કૃપા સૌ શહેરીજનો પર અવિરત રહે તેવી અભ્યર્થના સાથે આપણે સૌ લોક-સુખાકારીના કાર્યો કરતા રહીએ એવી પ્રતિબધ્ધતા વ્યક્ત કરી નૂતન વર્ષાભિનંદન પાઠવું છું.

શ્રીમતી પ્રતિભાબેન રાકેશકુમાર જૈન (મેયર)
શ્રી જતીન પટેલ (ડેપ્યુટી મેયર)
શ્રી દેવાંગ દાણી (સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન)
શ્રી ગૌરાંગ પ્રજાપતિ (નેતા, મ્યુ.શાસક પક્ષ)
શ્રીમતી શીતલ આનંદકુમાર ડાગા (દંડક, મ્યુ.શાસક પક્ષ)


## ૮૮ લાખ રૂપિયામાં H-1B વિઝાનો નિયમ લાગુ કરાયો




(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'ટેરિફ બોમ્બ' બાદ હવે ભારતીયો પર H-1B 'વિઝા બોમ્બ' પણ ફૂટ્યો છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા H-1B વીઝા પર લાદવામાં આવેલી એક લાખ ડોલર (આશરે ૮૮ લાખ રૂપિયા)ની જંગી ફી આજથી, એટલે કે મંગળવાર, ૨૧ ઓક્ટોબરથી લાગુ થઈ ગઈ છે. આ નિર્ણયની સૌથી મોટી અસર ભારતીયો પર થશે, કારણ કે લગભગ ૭૦ ટકા H-1B વીઝા ભારતીય પ્રોફેશનલ્સને જ મળે છે.

યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર, આ નવી ફી એવા લોકો માટેની નવી H-1B અરજીઓ પર લાગુ થશે જેઓ હાલમાં અમેરિકાની બહાર છે અને જેમની પાસે માન્ય H-1B વીઝા નથી. આ ઉપરાંત, જે કર્મચારીઓ માટે અરજી કરવામાં આવી હોય અને નિર્ણય આવે તે પહેલાં તેમને અમેરિકા છોડવું પડે, તેમને પણ આ ફી ચૂકવવી પડશે.

અમેરિકામાં રહેતા ભારતીયોને મોટી રાહત આ માર્ગદર્શિકામાં સૌથી મોટી રાહત એવા લોકોને આપવામાં આવી છે જેઓ પહેલેથી જ અમેરિકામાં હાજર છે. USCIS એ સ્પષ્ટ કર્યું છે કે આ જંગી ફી "સ્ટેટસમાં ફેરફાર" (Change of Status) પર લાગુ નહીં થાય. આનો અર્થ એ છે કે જે વિદ્યાર્થીઓ F-૧ (સ્ટુડન્ટ વીઝા) પરથી H-1B સ્ટેટસમાં બદલી રહ્યા છે અથવા જે હાલના H-1B ધારકો પોતાના વીઝાનું વિસ્તરણ (Extension) કરાવી રહ્યા છે, તેમને આ ૮૮ લાખ રૂપિયાની ફી ચૂકવવી પડશે નહીં.

આ સ્પષ્ટતાથી અમેરિકામાં અભ્યાસ કરતા હજારો ભારતીય વિદ્યાર્થીઓ અને ત્યાં કામ કરતા કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો છે. સરકારી શટડાઉનની અસર USCIS એ સ્વીકાર્યું છે કે અમેરિકામાં ચાલી રહેલા સરકારી શટડાઉનને કારણે અરજદારોને જરૂરી દસ્તાવેજો મેળવવામાં વિલંબ થઈ શકે છે. એજન્સીએ કહ્યું છે કે જો કોઈ અરજદાર સાબિત કરી શકે કે માત્ર શટડાઉનને કારણે જ તે સમયસર અરજી દાખલ કરી શક્યો નથી, તો તેને "અસાધારણ પરિસ્થિતિ" ગણીને માફી આપવા પર વિચારણા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે H-1B વીઝાની નિયમિત ૬૫૦૦૦ અને માસ્ટર્સ કેપની ૨૦૦૦૦ની મર્યાદા માટેની અરજીઓ પહેલેથી જ પ્રાપ્ત થઈ ચૂકી છે. આથી, આ નવો નિયમ આગામી વીઝા સીઝન પર મોટી અસર કરશે.

#### હોસ્પિટલ પહોંચાડ્યા, પણ ત્યાં સુધીમાં પ્રાણ નીકળી ગયા

## મહાકાલની ભસ્મ આરતી વખતે જ ભક્તને હાર્ટ એટેક આવતા મોત

### દિવાળીના દિવસે વહેલી સવારે પણ તેઓ ભસ્મ આરતી માટે મંદિરે પહોંચ્યા હતા તે જ દરમિયાન તેમને હાર્ટ એટેક આવી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉજ્જૈન

માટીનું શરીર છે, શ્વાસો બધા ઉધાર છે, દિલ તો મહાકાલનું છે, આપણે તો ભાડૂત છીએ...' મહાકાલના એક ભક્તે દિવાળીના દિવસે વહેલી સવારે આ સ્ટેટસ મૂક્યું અને મહાકાલની ભસ્મ આરતી વખતે જ ભક્તને હાર્ટ એટેક આવતા મોત થયું. વાત એમ છે કે, સૌરભ સોની ભસ્મ આરતી માટે મહાકાલ મંદિરે પહોંચ્યા હતા, જ્યાં તેમને હાર્ટ એટેક આવ્યો અને તેમનું અવસાન થઈ ગયું.

ઉજ્જૈનમાં મહાકાલના દરબારમાં સોમવારે વહેલી સવારે બાબાના એક ભક્તે અંતિમ શ્વાસ લીધા. તેમને ગંભીર હાર્ટ એટેક આવ્યો અને તેઓ બેભાન થઈને મહાકાલ મંદિરના પરિસરમાં જ ઢળી પડ્યા.

જાણકારી અનુસાર, ઉજ્જૈનના જ રહેવાસી સૌરભ રાજ સોની દર સોમવારે નિયમિતપણે મહાકાલની ભસ્મ આરતીમાં સામેલ થતા હતા. દિવાળીના દિવસે વહેલી સવારે પણ તેઓ ભસ્મ આરતી માટે મંદિરે પહોંચ્યા હતા. તે જ દરમિયાન તેમને હાર્ટ એટેક આવી ગયો.

મીડિયા અહેવાલ અનુસાર સૌરભ રાજ સોની (ઉંમર ૪૭ વર્ષ)ને હાર્ટ એટેક આવ્યો અને તેઓ મંદિર પરિસરમાં જ ઢળી પડ્યા, ત્યારે આસપાસ હાજર તેમના મિત્રો અને પરિચિતોએ તાત્કાલિક તેમને ઉઠાવીને હોસ્પિટલ પહોંચાડ્યા, પરંતુ ત્યાં સુધીમાં તેમનો જીવ નીકળી ચૂક્યો હતો. બાબાના ભક્ત સૌરભના મિત્રોએ માહિતી આપતા જણાવ્યું કે, સૌરભ બાબાના અનન્ય ભક્ત હતા અને દર સોમવારે તેઓ ભસ્મ આરતીમાં સામેલ થતા હતા. સોમવારે વહેલી સવારે પણ તેઓ ભસ્મ આરતી માટે જ મંદિરે પહોંચ્યા હતા, પરંતુ આરતી શરૂ થાય તે પહેલાં જ મંદિર પરિસરમાં તેમણે પ્રાણ ત્યાગી દીધા.


ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

એક શુભેચ્છક


RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### દિવાળીએ મુંબઈમાં હોનારત

# ઈમારતના ૩ માળ આગમાં લપેટાતા ૬ વર્ષની બાળકી સહિત ૪ના મોત

## આ ઘટનામાં અન્ય ૭ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છેઃ મળતી માહિતી મુજબ, આગ બિલ્ડિંગના ૧૦મા, ૧૧મા અને ૧૨મા માળે લાગી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

આખો દેશ જ્યારે દિવાળીના દીવડાઓ અને રોશનીથી ઝગમગી રહ્યો હતો, ત્યારે નવી મુંબઈના વાશી વિસ્તારમાં માતમ છવાઈ ગયો હતો. સોમવારે મોડી રાત્રે વાશી સેક્ટર-૧૪માં આવેલી રહેજા રેસીડેન્સી નામની હાઈ-રાઈઝ સોસાયટીમાં ભીષણ આગ ફાટી નીકળતાં ૬ વર્ષની બાળકી સહિત ઓછામાં ઓછા ચાર લોકોના દર્દનાક મોત થયા છે. આ ઘટનામાં અન્ય ૭ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.મળતી માહિતી મુજબ, આગ બિલ્ડિંગના ૧૦મા, ૧૧મા અને ૧૨મા માળે લાગી હતી. આગ એટલી વિકરાળ હતી કે તેણે જોતજોતામાં ઉપરના માળને પણ પોતાની લપેટમાં લઈ લીધા હતા.

ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ૧૦થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવા તેમજ બચાવ કામગીરી હાથ ધરી હતી. ઊંચી ઈમારત હોવાના કારણે બચાવ કામગીરીમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે, ફાયર બ્રિગેડના અધિકારીઓ એ દિશામાં પણ તપાસ કરી રહ્યા છે કે દિવાળીના તહેવારને કારણે કોઈ ફટાકડાનું રોકેટ બાલ્કનીમાં પડવાથી તો આગ નથી લાગી ને. મૃતકોમાં ૧૨મા માળે રહેતી એક ૬ વર્ષની બાળકીનો પણ સમાવેશ થાય છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છે.

ઘાયલોને નજીકની મનપા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હાલમાં ફાયર બ્રિગેડ દ્વારા કૂલિંગ ઓપરેશન ચાલુ છે અને પોલીસ આ દુર્ઘટનાના ચોક્કસ કારણની તપાસ કરી રહી છે.

# કેદારનાથ ધામમાં ૧૫ હજાર અને બદ્રીનાથમાં ૧૨ હજાર દીવડાં પ્રગટાવીને દીપોત્સવ ઉજવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા) કેદારનાથ

દિવાળીના શુભ અવસર પર કેદારનાથ ધામ ખાતે ભવ્ય દીપોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, ૧૫,૦૦૦ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા, જેને લઈને મંદિર જગમગી ઉઠ્યું હતું. દીપોત્સવ દરમિયાન કેદારનાથ મંદિર સંકુલને ફૂલો અને દીવાઓથી શણગારવામાં આવ્યું હતું, જેનાથી એક દિવ્ય અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. મંદિરના પૂજારીઓ અને ભક્તોએ દીવા પ્રગટાવવાની આ પરંપરામાં ભાગ લીધો હતો.

શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે ભવ્ય અને યાદગાર કાર્યક્રમ સુનિશ્ચિત કરવા માટે ખાસ તૈયારીઓ કરી હતી. પ્રકાશના ઉત્સવે માત્ર ધાર્મિક પરંપરાઓને જીવંત રાખી ન હતી પરંતુ પ્રવાસીઓ અને ભક્તો માટે એક યાદગાર અનુભવ પણ પૂરો પાડ્યો હતો.

સોમવારે શ્રી બદ્રીનાથ ધામ ખાતે દિવાળીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે BKTC, યાત્રાળુ પૂજારીઓ, બામણી, માણા અને પાંડુકેશ્વરના સ્થાનિકો, ભક્તો, યાત્રાળુઓ અને બદ્રીનાથના હોટેલ એસોસિએશન દ્વારા ૧૨,૦૦૦ દીવા પ્રગટાવીને પ્રકાશનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

### આતિશબાજી દરમિયાન કેટલાક ઘરોમાં આગ લાગી હતી

# બિહારમાં આગ ઓલવવા આવેલા ફાયરબ્રિગેડના વાહનોને ફૂંકી માર્યા

## ખગરિયામાં ફટાકડાથી લાગેલી આગને કાબુમાં લેવા માટે પહોંચેલા ફાયર ફાઈટરો પર ટોળાએ પથ્થરમારો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

જો આગ લાગે અને ફાયર બ્રિગેડ થોડી પણ મોડું કરે, તો આ દુર્ઘટના મોટી દુર્ઘટનામાં પરિણમી શકે છે. આવા સમયમાં, ફાયર ફાઈટર આગમાં ફસાયેલા લોકો માટે દેવતા તરીકે કામ કરે છે અને તેમને બચાવે છે. જોકે, બિહારના ખગરિયામાં આ જ ફાયર ફાઈટરો સાથે જે બન્યું તે આઘાતજનક હતું. ખગરિયામાં ફટાકડાથી લાગેલી આગને કાબુમાં લેવા માટે પહોંચેલા ફાયર ફાઈટરો પર ટોળાએ પથ્થરમારો કર્યો અને તેમના વાહનને આગ લગાવી દીધી. જેમાં ઘણા ફાયર ફાઈટર ઘાયલ થયા.

ગઈકાલે મોડી રાત્રે, બેલદૌર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બેલદૌર નગર પંચાયતના પીરનગરા પથ પાસે ટોળાએ ભારે હોબાળો મચાવ્યો હતો. દિવાળી પહેલા આતિશબાજી દરમિયાન કેટલાક ઘરોમાં આગ લાગી હતી. પરતું ટોળાએ આગ ઓલવવા પહોંચેલા ફાયર ફાઈટરો પર માત્ર પથ્થરમારો કર્યો, એટલું જ નહી પણ ટોળાએ ફાયર ફાઈટરના વાહનને પણ આગ લગાવી દીધી હતી. આતિશબાજી દરમિયાન આશરે પાંચ ઘરોમાં આગ લાગી હતી. જ્યારે એક નાનું ફાયર એન્જિન પહોંચ્યું, ત્યારે ફાયર ફાઈટીંગ વાહન આગને કાબુમાં લેવામાં નિષ્ફળ ગયું. પરિણામે, હાજર લોકોએ ગુસ્સે થયા અને ફાયર ફાઈટર પર પથ્થરમારો કર્યો હતો, જેમાં ઘણા ફાયર ફાઈટર ઘાયલ થયા હતા. જોકે, મોટી પોલીસ ટુકડી આવતાં પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ હતી.

### પૂર્વ MLAની ખેડૂતોને વિચિત્ર સલાહ

# આત્મહત્યા નહીં કરવાની ધારાસભ્યોને જ મારી નાખવાના

## મહારાષ્ટ્રના મંત્રી સંજય શિરસાટે આ ટિપ્પણીની સખત ટીકા કરી છે અને તેમને ખેડૂતોને ઉશ્કેરવાનું ટાળવા જણાવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં પૂર્વ ધારાસભ્ય બચ્ચુ કડુના નિવેદન પર મોટો વિવાદ ઊભો થયો છે. તેમણે ખેડૂતોને આત્મહત્યા કરવાને બદલે ધારાસભ્યને 'કાપી નાખવા કે મારી નાખવા'ની સલાહ આપી છે. મહારાષ્ટ્રના મંત્રી સંજય શિરસાટે આ ટિપ્પણીની સખત ટીકા કરી છે અને તેમને ખેડૂતોને ઉશ્કેરવાનું ટાળવા જણાવ્યું છે.

પ્રહાર જનશક્તિ પાર્ટીના નેતા બચ્ચુ કડુ અમરાવતી જિલ્લામાં એક સભાને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે ખેડૂતોને કહ્યું કે, જો તેઓ ઈચ્છતા હોય કે સરકાર તેમના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવે, તો તેમણે પોતાનો જીવ લેવાને બદલે હિંસક રીતે ધારાસભ્યોને નિશાન બનાવવા જોઈએ. તેમણે કહ્યું કે, "આત્મહત્યા શા માટે કરવી? ધારાસભ્યને મારી નાખો, કાપી નાખો. ખેડૂતોએ કપડાં વગર ધારાસભ્યના નિવાસસ્થાન સામે જઈને બેસવું જોઈએ અને પેશાબ કરવો જોઈએ. જો આ બધું કરવામાં આવે તો સરકાર પાટા પર આવી જશે."આ નિવેદનનો વીડિયો વાઈરલ થયા બાદ શિવસેનાના નેતા અને મંત્રી સંજય શિરસાટે કડુની આકરી ટીકા કરી છે. તેમણે બચ્ચુ કડુને ખેડૂતોને ભડકાવવાને બદલે પોતાના શબ્દો પર અમલ કરવાની ખુલ્લી ચેલેન્જ આપી.સંજય શિરસાટે કહ્યું, "બચ્ચુ કડુએ આ બધું જાતે કરવું જોઈએ. શું તેઓ ખેડૂતોને ભડકાવીને તેમના વિરુદ્ધ વધુ ગુનાઓ નોંધાવવા માંગે છે? તેમણે પોતાની જીભ પર લગામ રાખવી જોઈએ. સપ્ટેમ્બરમાં પૂર અને વરસાદને કારણે ખેડૂતો પહેલેથી જ સંકટમાં છે. શું કડુ ઈચ્છે છે કે તેઓ હત્યાઓ કરે?"

### સાયબર ઠગાઈના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો

# બિહારમાં ચા વાળો મોટો સાઈબર ઠગ નીકળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહારના ગોપાલગંજમાં પોલીસે સાયબર ઠગાઈના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. એક ચા વેચતા દુકાનદારના ઘરે દરોડા પાડીને પોલીસે એક કરોડથી વધુની રોકડ, ૩૪૪ ગ્રામ સોનું, ૧.૭૫ કિલોગ્રામ ચાંદી અને સાયબર ઠગાઈ સાથે જોડાયેલો મોટા પ્રમાણમાં સામાન જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે બે સગા ભાઈઓની ધરપકડ કરી છે.

સાયબર ડીએસપી અવંતિકા દિલીપ કુમારે જણાવ્યું કે, ગુપ્ત માહિતીના આધારે ૧૭ ઓક્ટોબરે ગોપાલગંજના એક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાંથી રૂ. ૧૦૫૪૯૮૫૦ રોકડા, ૩૪૪ ગ્રામ સોનાના દાગીના અને ૧.૭૫ કિલો ચાંદી જપ્ત કરવામાં આવી છે. આરોપીઓ પાસેથી ૮૫ એટીએમ કાર્ડ, ૭૫ બેંક પાસબુક, ૨૮ ચેકબુક, બે લેપટોપ, ત્રણ મોબાઈલ ફોન અને એક લક્ઝરી કાર પણ મળી આવી છે. આ કેસમાં બે સગા ભાઈઓ, અભિષેક કુમાર અને આદિત્ય કુમારની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે, મુખ્ય આરોપી અભિષેક કુમાર પહેલા ચાની દુકાન ચલાવતો હતો. બાદમાં તે દુબઈ જતો રહ્યો, જ્યાંથી તેણે સાયબર ઠગાઈનું આખું નેટવર્ક ચલાવવાનું શરૂ કર્યું. તેનો ભાઈ આદિત્ય કુમાર ગામમાં રહીને આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં તેની મદદ કરતો હતો.પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ ગેંગ સાયબર ઠગાઈ દ્વારા અલગ-અલગ બેંક ખાતાઓમાં પૈસા મંગાવતી હતી અને પછી રોકડમાં વ્યવહાર કરતી હતી. પોલીસને જપ્ત કરાયેલી મોટાભાગની પાસબુક બેંગલુરુની મળી છે, જેનાથી આ નેટવર્ક રાજ્ય બહાર પણ ફેલાયેલું હોવાની આશંકા છે. આટલી મોટી માત્રામાં રોકડ અને સામાન મળ્યા બાદ હવે આવકવેરા વિભાગ અને એટીએસ (ATS)ની ટીમો પણ ગોપાલગંજ પહોંચી ગઈ છે અને ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે.

### ફ્રેન્ડલી ફાઈટ NDAએ માર્યો ટોણો

# બિહારમાં કોંગ્રેસ-RJD મહાગઠબંધનમાં પેચ ફસાયો

## ગઠબંધનના પક્ષો વચ્ચે ઓછામાં ઓછી ૧૧ બેઠકો પર સીધી લડાઈ થશે, જે વિપક્ષમાં સંકલનના ગંભીર અભાવને ઉજાગર કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહાર વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કાના મતદાનને ગણતરીના દિવસો બાકી છે ત્યારે વિપક્ષી મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીને લઈને સર્વસંમતિનો અભાવ સ્પષ્ટપણે સામે આવ્યો છે. ઉમેદવારોની યાદીના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે ગઠબંધનના પક્ષો વચ્ચે ઓછામાં ઓછી ૧૧ બેઠકો પર સીધી લડાઈ થશે, જે વિપક્ષમાં સંકલનના ગંભીર અભાવને ઉજાગર કરે છે.

આરજેડીએ ૧૪૩ ઉમેદવારોની જે યાદી જાહેર કરી છે તેમાં વૈશાલી, સિકંદરા, કહલગાંવ, સુલતાનગંજ, નરકટિયાગંજ અને વર્સાલીગંજ જેવી છ બેઠકોનો સમાવેશ થાય છે, જ્યાં કોંગ્રેસે અગાઉથી જ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. તમામની નજર હવે ૨૩મી ઑક્ટોબર પર છે, જે બીજા તબક્કા માટે નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ છે. ત્યાં સુધીમાં વિપક્ષી છાવણીમાં કોઈ સમાધાન થાય છે કે કેમ તે સ્પષ્ટ થશે.મહાગઠબંધનમાં આંતરિક વિભાજનને પગલે NDA અને ચિરાગ પાસવાનને વિપક્ષ પર પ્રહાર કરવાનો નવો મુદ્દો મળી ગયો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સૈયદ શાહનવાઝ હુસૈને મહાગઠબંધન પર નિશાન સાધતા કહ્યું કે, 'આરજેડીએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે, જેમાં સ્પષ્ટ થયું છે કે ટિકિટ વિતરણમાં કોઈ માપદંડનું પાલન થયું નથી. મહાગઠબંધન સંપૂર્ણપણે 'મહાફુટ' નો ભોગ બની ગયું છે. આરજેડીએ પોતાના જ કાર્યકરોની અવગણના કરી છે અને આ યાદીમાં એક પણ ઉમેદવાર એવો દેખાતો નથી જે જીતી શકે.'

LJP (રામ વિલાસ) ના વડા ચિરાગ પાસવાને પણ આ સ્થિતિ પર કટાક્ષ કરતા કહ્યું કે, 'મેં ક્યારેય એવી ચૂંટણી જોઈ નથી જેમાં આટલું મોટું ગઠબંધન તૂટી પડવાની અણી પર હોય. બેઠકોની ફાળવણી પર મતભેદ એક વાત છે, પરંતુ અહીં બેઠકોની સંખ્યા પર પણ કોઈ સર્વસંમતિ નથી.'તેમણે મહાગઠબંધનની સ્થિતિને NDA માટે વોકઓવર સમાન ગણાવી અને કહ્યું કે, 'વિપક્ષની અંદરની આ ફ્રેન્ડલી ફાઈટ ખરેખર NDA માટે વોકઓવર સાબિત થઈ રહી છે.'



# દક્ષિણ ગુજરાતમાં પડી શકે છે વરસાદ, ૨૫ ઓક્ટોબર બાદ વધશે વરસાદનું જોર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યના ખેડૂતો માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી સાત દિવસ માવઠુ જોવા મળશે. ૨૫ ઓક્ટોબર બાદ રાજ્યમાં ચોમાસા જેવો માહોલ જામશે. જેમા દક્ષિણ ગુજરાત, મઘધ્ય હગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ વરસી શકે છે. દિવાળીની દિવસથી રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો છે અને વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એમ.કે.દાસના જણાવ્યા અનુસાર આગામી ૫ દિવસ સુધી પણ આવુ જ વાતાવરણ રહેશે. જો કે અમદાવાદમાં હાલ વરસાદની કોઈ શક્યતા નથી. હાલ ગુજરાતની આસપાસ ૨ વરસાદી સિસ્ટમ જોવા મળી રહી છે.જેના કારણે ગુજરાતમાં ઓકટોબરમાં ચોમાસાનો માહોલ જામ્યો છેપહજુ પણ આગામી ૭ દિવસ સુધી ગુજરાતમાં માવઠાની આફત જોવા મળશે. છેલ્લા ૭ દિવસ થઈ ગયા દક્ષિણ ગુજરાતમાં વરસાદ જોવા મળી રહ્યો છે અને હજુ પણ આગામી દિવસોમાં પણ માવઠાનો કહેરથી રાહત મળવાની કોઈ શકયતાઓ નથી. ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલનું અનુમાન છે કે આગામી દિવસમાં બંગાળના ઉપસાગરમાં એક સિસ્ટમ બનશે. જે બાદ અરબી સમુદ્રમાં પણ એક મજબૂત સિસ્ટમ ઉભી થશે. આ બંને સિસ્ટમના કારણે ૪ નવેમ્બર સુધીમાં ચોમાસા જેવો માહોલ સર્જાશે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની શક્યતા રહેશે. કચ્છ, ઉત્તર ગુજરાતના ભાગોમાં પણ વરસાદની શક્યતા રહેશે. ઓક્ટોબરના અંતમાં પણ મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. જેના લીધે દેશ સહિત ગુજરાતના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ રહેશે. ભરશિયાળે ચોમાસા જેવો માહોલ સર્જાશે. ત્યારબાદ દક્ષિણ ભારતમાં અતિ ભારે વરસાદ થવાની શક્યતાઓ છે, તેની અસર ગુજરાતના વાતાવરણ ઉપર થશે.


નૂતન વર્ષાભિનંદન
Lakhshmi ka Hath Ho, Saraswati Ka sath Ho,
Ganesh Ka Niwas Ho, Aur Maa Durga Ke Ashirwad se
aapke jeevan mai Prakash hi prakash ho, HAPPI DIWALI
દેવેશભાઈ પટેલ
પોસ્ટ ઓફિસમાં નાણા રોકવા માટે મળો.
મોબાઈલ :- ૯૮૨૪૦ ૯૮૨૪૫
સાબરમતી અમદાવાદ- ૩૮૦ ૦૦૫.

ગરવી ગુજરાત પરિવાર તરફથી નૂતન વર્ષાભિનંદન



સતીષભાઈ રમણલાલ પટણી
મધુબેન સતીષભાઈ પટણી
નરેશકુમાર રમણલાલ પટણી
રશ્મીકાબેન નરેશકુમાર પટણી
અજયકુમાર રમણલાલ પ્રજાપતિ
ગીતાબેન અજયકુમાર પ્રજાપતિ



સ્વ.ભગવતીબેન રમણલાલ પટણી
સ્વ. શ્રી રમણલાલ કાળીદાસ પટણી
સ્વ.કમલનયન રમણલાલ પટણી — સ્વ.ઊર્મિલાબેન રમણલાલ પટણી
યશ, ભાવિક, અનેરી, આદિત્ય, ઝરણા

ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા
તાવ ફેલાવતા મચ્છરના ઉત્પત્તિ સ્થાનોને શોધો અને તેનો નાશ કરીએ.
પાણીમાં દેખાતા પોરા(લાર્વા) એ જ મચ્છરનું નાનું સ્વરૂપ છે. તેમાંથી જ મચ્છર બને છે. માટે આ પોરા (લાર્વા)નો નાશ કરો.
મચ્છરોને ઉત્પન્ન થતાં અટકાવો. આ મચ્છરો ચોખ્ખા પાણીમાં જ પોતાના ઇંડા મૂકે છે.
ખાસ કરીને સિમેન્ટની ખુલ્લી ટાંકીઓ, માટલાઓ, જુના ટાયર, ઘરની આજુબાજુમાં પડેલો ભંગાર દુર કરો. પાણીના ખુલ્લા પાત્રોને ઢાંકીને રાખો અથવા દર અઠવાડિયે સાફ કરો.
યાદ રાખો...
- સંધ્યા સમયથી જ મકાનના બારીબારણાં બંધ રાખો.
- સંધ્યા સમયે **લિંમડાનો ધુમાડો** કરો.
- **દવાયુક્ત મચ્છરદાની**નો ઉપયોગ કરો.
- પુરેપુરૂ **શરીર ઢંકાય તેવા કપડા** પહેરો.
- મચ્છરને દૂર રાખે તેવી **ક્રિમનો ઉપયોગ** કરો.
તાવ આવે તો....
- શરીર ઉપર ઠંડા પાણીના પોતા મૂકો.
- ફક્ત પેરાસીટામોલ ગોળીનો જરૂરી માત્રામાં ઉપયોગ કરો.
- વધુ પડતું પ્રવાહી લો અને આરામ કરો.
- તકલીફ વધુ જણાય તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો.



મચ્છરજન્ય રોગ નિયંત્રણ આપણી સૌની જવાબદારી
મેલેરીયા શાખા,
સાબરકાંઠા જિલ્લા પંચાયત, હિંમતનગર

બ્રહ્મભટ્ટ કોમ્પ્યુટર સેન્ટર
અંગ્રેજી - ગુજરાતી - હિન્દી - કોમ્પ્યુટર, ટાઈપીંગ, લેમીનેશન,
કોમપ્યુટર જન્માક્ષર, ઝેરોક્ષ, ઓફસેટ પ્રિન્ટીંગ,
Fax - STD- PCO-ISD.
તમામ પ્રકારના દસ્તાવેજો, પાવર ઓફ એટોર્ની, મેરેજ રજીસ્ટ્રેશન તથા નોટરીના અરજન્ટ કામ માટે મળો.
સરનામુ : સિમંધર કોમ્પેલક્ષ (સેલર), રામનગર, સાબરમતી, અમદાવાદ ફોન : ૦૭૯ - ૨૭૫૦૮૦૧૮
મો. કમલ બ્રહ્મભટ્ટ (એડવોકેટ) ૯૮૭૯૯ ૧૭૬૭૬

Reputation
BEST FAMILY SHOP
Something for every occasion
Shaadi | Pooja | Raksha Bandhan | Navratri | Diwali
મેન્સ વેર । લેડીઝ વેર । ગર્લ્સ વેર । કિડસ વેર
જીયાણાંના સ્પેશીયાલીસ્ટ
સુભાષ સ્ટોર્સ, સંતોકભુવન, બેંક ઓફ ઈન્ડિયા પાસે, રામનગર, સાબરમતી
ફોન નં. : ૦૭૯-૨૭૫૦૮૨૫૮

નવીનભાઈ ૯૭૨૭૫૮૭૯૯૯
નૂતન વર્ષાભિનંદન
રાજેશ ઓટો સર્વિસ સ્ટેશન
દરેક પ્રકારના સ્કુટર, બાઈક, એક્ટીવા, રીપેરીંગ, સર્વિસ તથા કલરકામ સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.
ધર્મનગર શોપિંગ સેન્ટર, ધર્મેશ્વર મંદિર સામે, સાબરમતી, અમદાવાદ- ૩૮૦ ૦૦૫.

asian paints COLOUR WORLD
Madhubhai Patel (0) 2750 52222
Bharat Patel 2750 62222
PATEL MANGALDAS SOMABHAI
HARDWARE* PAINTS * PIPE FITTINGS
Near Jain Temple, Ramnagar, Sabarmati, Ahmedabad-5.

Ph : 27570808
દિપક સ્વીટ્સ
★ કાજુ સ્વીટસ
★ બંગાલી સ્વીટસ
★ માવા સ્વીટસ
★ ડેરી પ્રોડકટ
★ ચાટ આઈટમ
રેલ્વેસ્ટેશનની સામે, ધર્મનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.

॥ શ્રી ગણેશાય નમઃ ॥
S.S.D.N.
ગોલ્ડી : ૮૫૧૧૦૬૬૬૬૭
૯૭૧૪૩૨૭૨૯૦
રાજેશ : ૯૯૭૪૫૫૩૧૩૧
ગોલ્ડી ઈવેન્ટસ
ગાદલા સેટ, મંડપ, કેટરીંગના કામ માટે મળો.
દુ.નં.૮, ધન્યવાદ એપાર્ટમેન્ટ, ૨થી બી.આર.ટી.એસ.ની સામે, પાવર હાઉસ, સાબરમતી, અમદાવાદ-૫

HAPPY NEW YEAR & HAPPY DIWALI
BABUBHAI JEWELLERS
Prakash Soni - 94273 36414
Krunal Soni - 94094 23154
Darshan Soni - 99257 87440
Nr. Dharmeshwar Temple, Dharamnagar, Sabarmati, Ahemadabad - 380005

Happy New Year
લક્ષ્મી મમરા તથા પૌંઆ
રીતેષ શાહ (ઓ) ૨૭૫૦૯૦૮૧
અરવિંદભાઈ શાહ (ઘર) ૨૩૨૯૮૯૨૯
(મો.) ૯૮૨૪૦૦૬૯૫૩
રિદ્ધિ સિદ્ધિ ટ્રેડર્સ
ઉત્તમ ક્વોલીટીના મમરા તથા પૌંઆ ના ઉત્પાદક તથા હોલસેલ વહેપારી
૨૮, કોઠારી ટાવર, રામનગર, સાબરમતી, અમદાવાદ.

શ્રી ગણેશાય નમઃ
સંગીતા રેડીમેડ સ્ટોર્સ
લેડીઝ, જેન્ટ્સ, ચિલ્ડ્રનવેર તથા હોઝીયરી મટીરીયલ મળશે.
રાધાસ્વામી નિવાસ નીચે, ૨૪ કેરેટની પાછળ, રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫
મો.: ૮૫૧૧૮૦૪૫૦૬, ૯૪૨૬૩૨૮૮૭૨

દિપીલ એસ. વાઘવાણી
હેમંત એસ. વાઘવાણી
॥ જય માતાજી॥
મો. ૯૮૨૫૯૮૯૮૨૬
ભાઈ દાલવડા સેન્ટર
અમારે ત્યાં ગરમા ગરમ દાળવડા, બટાકાવડા, મરચા વાળા મસાલાના મળશે અને દાળવડાનું ખીરૂ છૂટક તથા જથ્થાબંધ ભાવે મળશે.
કોઈપણ શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.
ગંગારામ ફ્લેટની સામે, ધર્મનગર, રેલ્વે સ્ટેશન રોડ, સાબરમતી, અમદાવાદ-

# રાજ્ય સરકાર અને રેશનિંગ વેપારીઓ વચ્ચે ઘર્ષણ: ૧ નવેમ્બરથી દુકાનો બંધ રાખવાની ચીમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વેપારીઓના વિરોધનું મુખ્ય કારણ સરકારી પરિપત્રમાં લાગુ કરાયેલા નવા અને કડક નિયમો છે. આ નિયમો હેઠળ, રેશનિંગની દુકાનના સંચાલકોએ અનાજનો માલ ડિલીવરી લેતી વખતે ફરજિયાતપણે કમિટીના ૯ સભ્યોની હાજરી સુનિશ્ચિત કરવી પડશે.

ગુજરાત રાજ્યના અનાજના વેપારીઓ (રેશનિંગની દુકાન ચલાવનારાઓ) દ્વારા સરકારના એક નવા પરિપત્રનો સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ પરિપત્રમાં કેટલીક બાબતો ફરજિયાત બનાવવામાં આવતાં, વેપારીઓએ સામૂહિક વિરોધનો માર્ગ અપનાવ્યો છે. તેમના આ વિરોધને કારણે રાજ્યની તમામ રેશનિંગની દુકાનો ૧ નવેમ્બરથી બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. વેપારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી આ પરિપત્ર રદ નહીં થાય, ત્યાં સુધી તેમનું અસહકારનું આંદોલન યથાવત રહેશે અને તેઓ અનાજની પરમિટ જનરેટ નહીં કરે.

વેપારીઓના વિરોધનું મુખ્ય કારણ સરકારી પરિપત્રમાં લાગુ કરાયેલા નવા અને કડક નિયમો છે. આ નિયમો હેઠળ, રેશનિંગની દુકાનના સંચાલકોએ અનાજનો માલ ડિલીવરી લેતી વખતે ફરજિયાતપણે કમિટીના ૯ સભ્યોની હાજરી સુનિશ્ચિત કરવી પડશે. એટલું જ નહીં, આ તમામ ૯ સભ્યોના બાયોમેટ્રિક પણ ફરજિયાત કરાયા છે. વેપારીઓનું કહેવું છે કે આ નિયમો અવ્યવહારુ છે અને તેમનું પાલન કરવું વ્યવહારિક રીતે અશક્ય છે. આનાથી વહીવટી બોજ વધશે અને રેશનિંગની પ્રક્રિયા ધીમી પડશે.

અનાજના વેપારીઓ દ્વારા સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં, કોઈ સંતોષકારક નિર્ણય ન આવતા તેમણે હવે આંદોલન વધુ ઉગ્ર બનાવ્યું છે. ૧ નવેમ્બરથી દુકાનો બંધ થતાં, રાજ્યના લાખો ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને નિયમિતપણે મળતા અનાજ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓથી વંચિત રહેવું પડશે, જેની સીધી અસર તેમની રોજીંદી જરૂરિયાતો પર પડશે. વેપારીઓની માંગ છે કે કમિટીના સભ્યોની હાજરી અને બાયોમેટ્રિકની ફરજિયાત જોગવાઈને તાત્કાલિક રદ કરવામાં આવે, અન્યથા તેમનો વિરોધ ચાલુ રહેશે.

# મૃતકના ભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવી

# જૂનાગઢમાં બ્લેકમેઈલરથી કંટાળી યુવાને કર્યો આપઘાત

## આરોપીઓએ પોતાને ભોપાલના સાયબર ક્રાઈમના વડા તરીકેની ખોટી ઓળખ આપી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના ચોરવાડ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં બ્લેકમેઈલિંગથી કંટાળીને એક યુવાને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. મૃતક યુવાન લાંબા સમયથી અમુક અજાણ્યા લોકોની ધમકીઓનો ભોગ બની રહ્યો હતો. આરોપીઓએ યુવાનને 'તમારા અશ્લીલ વીડિયો બનાવેલા છે' તેવું કહીને સતત ડરાવી રહ્યા હતા. આ સતત માનસિક ત્રાસના કારણે યુવાન હતાશ થઈ ગયો હતો અને અંતે તેણે આત્મહત્યા જેવું ગંભીર પગલું ભર્યું હતું. યુવાનના અકાળે મોતથી તેના પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.બ્લેકમેઈલરોએ યુવાનને ડરાવવા માટે એક ઘૃણાસ્પદ યુક્તિનો ઉપયોગ કર્યો હતો. આરોપીઓએ પોતાને ભોપાલના સાયબર ક્રાઈમના વડા તરીકેની ખોટી ઓળખ આપી હતી. આ ખોટી ઓળખ આપીને અને અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને તેમણે યુવાન પાસેથી નાણાંની માંગણી કરી હતી. ધમકીઓથી ડરી ગયેલા યુવાને તેમની માગણી મુજબ રૂપિયા ૨૪ હજાર જેટલી રકમ ઓનલાઈન ટ્રાન્સફર પણ કરી હતી. પૈસા આપ્યા પછી પણ બ્લેકમેઈલિંગ બંધ ન થતાં અને ધમકીઓ ચાલુ રહેતા યુવાન માનસિક રીતે ભાંગી પડ્યો હતો, જે આપઘાતનું મુખ્ય કારણ બન્યું.આ ગંભીર ઘટના બાદ સમગ્ર મામલે મૃતક યુવાનના ભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં તેમણે બ્લેકમેઈલ કરનારા અજાણ્યા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે અને યુવાનના આપઘાત પાછળ જવાબદાર આરોપીઓને પકડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અને ફોન કોલ્સના આધારે આરોપીઓ સુધી પહોંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર સાયબર બ્લેકમેઈલિંગ અને ઓનલાઈન ધમકીઓ સામે યુવાનો અને તેમના પરિવારોને જાગૃત થવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

# અમદાવાદમાં પત્નીએ પતિ પર કર્યો એસિડ એટેક

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં દિવાળીના દિવસે (૨૦ ઓક્ટોબર) સંબંધોને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં પત્નીએ પોતાના પતિ પર જ એસિડથી હુમલો કર્યો છે. પતિના અન્ય સ્ત્રી સાથેના આડાસંબંધોની આશંકાએ રોષે ભરાયેલી પત્નીએ આ ખતરનાક કૃત્યને અંજામ આપ્યો હતો.

મળતી માહિતી મુજબ, સેટેલાઈટ વિસ્તારમાં રહેતા આ દંપતીના બે વર્ષ પહેલા પ્રેમલગ્ન થયા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી પત્નીને તેના પતિના ચારિત્ર્ય પર શંકા હતી. તેને આશંકા હતી કે પતિના અન્ય સ્ત્રી સાથે અનૈતિક સંબંધો છે. આ જ વાતથી રોષે ભરાઈને પત્નીએ પોતાના પતિ દિવાળીની રાત્રે જ્યારે પતિ સૂતો હતો, ત્યારે પહેલા તેના પર ગરમ પાણી નાખ્યું અને ત્યારબાદ એસિડનો હુમલો કરી દીધો. એસિડ એટેકના કારણે યુવક ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ ઘટના અંગે ઈજાગ્રસ્ત પતિએ પત્ની વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સેટેલાઈટ પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કરીને હુમલો કરનાર પત્નીની ધરપકડ સહિતની વધુ કાયદાકીય તપાસ હાથ ધરી છે.


નૂતન વર્ષમાં તમારું અને તમારા પરિવારનું સ્વાસ્થ્ય બની રહે
નૂતન વર્ષાભિનંદન
નૂતન નાગરિક સહકારી બેંક લિ.
મલ્ટી સ્ટેટ શિડ્યૂલ્ડ બેંક
:: હેડ ઓફિસ ::
સમર્થેશ્વર મહાદેવ મંદિર સામે, લો-ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
www.nutanbank.com
ફોન : ૧૮૦૦ ૨૩૩ ૩૭૩૭

સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ
સાબર ડેરી, સબ પોષ્ટ : બોરિયા, હિંમતનગર - ૩૮૩૦૦૬. (ગુજરાત)
સાબરડેરીના આધુનિક પ્લાન્ટમાં પેક થયેલ પેશ્ચ્યુરાઈઝડ દૂધ અને છાપ વાપરવાનો હંમેશા આગ્રહ રાખો
★ અમૂલ દૂધ - અમૂલ ગોલ્ડ (૬% ફેટ), અમૂલ શક્તિ (૪.૫% ફેટ), અમૂલ તાઝા (૩% ફેટ)
★ અમૂલ છાશ તેમજ અમૂલ ઈકો છાશ ગુણકારી તત્ત્વોથી ભરપૂર
★ અમૂલ યુ.એચ.ટી.મિલ્ક (ટ્રેટા પેક- તાઝા/ગોલ્ડ) ફ્રીઝમાં રાખ્યા સિવાય પણ ઉપયાગમાં લઈ શકાય
★ અમૂલ પ્રોબાયોટિક છાશ અને પ્રોબાયોટિક લસ્સી પાચનમાં સુધારો કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે
સાબરડેરી ફોન : ૦૨૭૭૨-૨૨૬૦૫૧/૬૦
email : amul@sabardairy.coop
સાબરદાણ : ૨૨૬૦૬૧
શ્રી સુભાષચંદ્ર વી. પટેલ, મેનેજીંગ ડીરેક્ટર
શ્રી ઋતુરાજ ડી. પટેલ, વાઈસ ચેરમેન
શ્રી શામળભાઈ બી. પટેલ, ચેરમેન
અમૂલ દૂધ, અમૂલ છાશ, અમૂલ પ્રોબાયોટિક છાશ, અમૂલ પ્રોબાયોટિક લસ્સી, અમૂલ મસ્તીદહીં, અમૂલ શ્રીખંડ, અવસર માવો, અમૂલ સ્કીમ મિલ્ક પાવડર, અમૂલ સ્પ્રે (ઈન્ફન્ટ મીલ્ક ફુડ), અમૂલ હોલ મિલ્ક પાવડર, અમૂલ્યા પાવડર (ટી વ્હાઈટનર), અમૂલ કુલ, અમૂલ ઘી, અમૂલ ફ્રેશ પનીર, અમૂલ બટર
નૂતન વર્ષાભિનંદન

નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા
Committed to Growth
Gujarat Ambuja Exports Limited
[ BIO - CHEMICAL DIV.]
[ COTTON YARN DIV. ]
શુભ દીપાવલી
1, VRINDAVA ROAD, P.O.DALPUR - 383120.
Ta. Prantij Dist : Sabarkantha (Guj.)

નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા
H P GAS
SABAR GAS AGENCY
HP GAS your friendly gas
જી હાં!
7, Star Building opp. Collector office, Ider Highway, Himatnagar. S.K.Ph. (O).241810, 249501 (R)223601
Website : www.hindpetro.com

ખેડૂત-વેપારીભાઈઓને નૂતન વર્ષાભિનંદન
૨૦૮૨ના નવા વર્ષના નવલા પ્રભાતે ખેડૂતભાઈઓ તથા વેપારીભાઈઓને ઉન્નતીના શીખરે પહોંચવાની ભાવના સાથે નૂતન વર્ષાભિનંદન.
સમિતિના ખેડ તસીયા રોડ ઉપર આવેલ મુખ્ય માર્કેટયાર્ડમાં નિયંત્રણ ખેત પેદાશો અનાજ, કઠોળ, તેલીબીયાના ખરીદ-વેચાણની કામગીરી ચાલુ છે. દરેક ખેડૂતભાઈઓએ તેમની ખેત-પેદાશ અત્રે યાર્ડમાં લાવી ખુલ્લી હરરાજી દ્વારા વેચાણ કરી ઉંચા ભાવો ઉપજાવવા વિનંતી. મુખ્ય યાર્ડમાં શાકભાજી-ફળફળાદીના ખરીદ-વેચાણની કામગીરી ચાલુ છે જેથી શાકભાજી ઉત્પાદકોએ તેમની ખેતપેદાશ માર્કેટયાર્ડમાં વેચાણ સારૂ લાવવા વિનંતી.
બજાર સમિતિએ મુખ્ય યાર્ડમાં કેન્ટીન ભોજનાલય ચાલુ કરેલ છે. આ ભોજનાલયમાં રૂા.૫૦/- પચાસ રૂપિયામાં અલિમિટેડ ભોજન મળે છે. દરેક ખેડૂતભાઈઓએ આ સવલતનો લાભ લેવા વિનંતી.
સમિતિએ નેશનલ હાઈવે નં.૮, ઉપર હિંમતનગર સહકારીજીનની બાજુમાં અધતન સુવિધાઓ ધરાવતા કોટન માર્કેટયાર્ડનું હરાજીનું કામ શરૂ થઈ ગયેલ છે. તો દરેક ખેડૂતભાઈઓએ કપાસ કોટન માર્કેટયાર્ડ, હિંમતનગરમાં વેચાણ સારૂ લાવવા આગ્રહ ભરી વિનંતી છે.
પ્રધાનમંત્રીશ્રીના પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ઈ-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ માટે બજાર સમિતિ હિંમતનગરની પસંદગી થયેલ હોઈ દરેક ખેડૂત તથા વેપારી ભાઈઓએ જરૂરી દસ્તાવેજ પૂરા પાડી રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી.
સિધ્ધરાજસિંહ વી. ઝાલા, સેક્રેટરી | નારાયણદાસ જે. પટેલ, વા. ચેરમેન | જયેશ મોતીભાઈ પટેલ, ચેરમેન
તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, હિંમતનગર.

નૂતન વર્ષાભિનંદન
સર્વોદય બેંક.....સર્વની બેંક.....સર્વોત્તમ બેંક
ધી સર્વોદય નાગરીક સહકારી બેંક
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.
સર્વોદય બેંક પરિવાર
વહેપારી ભાઈઓ, સહકારી સંસ્થાના આગેવાનો, સભાસદો અને ગ્રાહક મિત્રોને નવા વર્ષની શુભ કામના પાઠવે છે.
ચેરમેન: મો.ઈમરાન એસ. અલજીવાલ | સી.ઈ.ઓ.: અલ્તાફ એમ. સાબુગર | એમ.ડી.: ફિરદોસજહાં એમ. વક્તાપુરીયા (એડવોકેટ)
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ સ્ટાફ પરિવાર

હિંમતનગર નાગરિક સહકારી બેંક લિ.
હેડઓફિસ, સિનેમા રોડ, હિંમતનગર (૩૮૩૦૦૧). જિ.સાબરકાંઠા (ઉ.ગુ.)
(૦૨૭૭૨-૨૪૧૭૭૩ Hnsb1964@hnsbank.com www.hnsbank.com)
શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન
કારતક માસથી શરૂ થતું સંવત ૨૦૭૮નું નુતન વર્ષ - આપણી બેંકના સભાસદો, ખાતેદારો અને સર્વે વેપારી ભાઈઓનું સર્વે રીતે સુખદાયી નિવડે તેવી શુભકામના સાથે પ્રભુ-પ્રાર્થના
-: આપની સેવામાં આપણી બેંક :-
ઊંચી શાખ અને નક્કર સધ્ધરતા ધરાવતી.....
આપણી હિંમતનગર નાગરિક સહકારી બેંકમાં આપની બચતના નાણા મુકી ભવિષ્યની ચિંતામાંથી મુક્ત બનો.
ફિક્સ ડિપોઝીટ વ્યાજદરમાં વધારો ૧૨ માસ ૬.૮૦% -૩૬ માસ કે તેથી વધુ ૭.૧૦% (ચક્રવૃધ્ધિવ્યાજ)
ઉપરોક્ત દરમાં સિનિયર સીટીઝનને ૦.૫૦% વધુ વ્યાજ રૂા.૧૦૦૦૦/- કે તેથી વધુની થાપણ પર મળશે.
આપણી બેંકની ઓછા વ્યાજદરની ધિરાણ ઓફર
● નવિન કાર ખરીદવા ૮.૯૦%
● નવિન મકાન બનાવવા તથા ખરીદવા ૮.૯૦%
● ડોક્ટર્સ લોન - હોસ્પીટલ બિલ્ડીંગ ખરીદવા બનાવવા તથા તબીબી સાધનો ખરીદવા ૮.૫૦%
● સોનાના દાગીના પર લોન ૮.૯૦%, NSC-KVP સામે ધિરાણની સુવિધા.
● એચ.પી.સી.સી. ઔદ્યોગીક ટર્મલોન, હાઈપોથીકેશન ધિરાણ તથા ઓદ્યોગીક ધિરાણ, મોર્ગેજ લોન તથા મોર્ગેજ સીસી.
સૌથી સરળ, સૌથી ઝડપી લોન પ્રક્રિયા
બેંકની વિવિધ સુવિધાઓ જેવી કે, લોકર સુવિધા, દરેક સભાસદ રૂા.૨ લાખના અકસ્માત વિમાથી સુરક્ષિત, Rupay ATM (Debit) Card, મોબાઈલ બેન્કીંગ એપ્લીકેશન IMPS, NEFT, UPI, ઈન્ટરનેટ બેન્કીંગ (view only), SMS એલર્ટ, Miss Call Alert (09274746000)
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
હિરેનકુમાર નવીનચંદ્ર ગોર, ચેરમેન | નલિનકુમાર રમણભાઈ પટેલ, વાઈસ ચેરમેન
નલિનકુમાર મોહનભાઈ પટેલ | રાકેશ માંગીલાલ સોની
દિનેશકુમાર ચંદુલાલ મહેતા | કલ્પનાબેન દેવેશભાઈ પટેલ
દિલીપકુમાર જયંતિલાલ શાહ | કપિલાબેન ભરતભાઈ પટેલ
પ્રવિણકુમાર અંબાલાલ પ્રજાપતિ | શશીકાન્ત ગોવિંદભાઈ સોલંકી
દિગ્વિજયસિંહ રણજિતસિંહ ચાવડા | અનિલકુમાર મણીલાલ પટેલ (C.A. - પ્રો. ડિરે.)
રાજેશકુમાર ચીનુભાઈ અમીન | કિરીટકુમાર પુનમચંદ ગાંધી (પ્રો. ડિરે.)
કેતનકુમાર નારાયણદાસ મોદી
મુકેશભાઈ એસ. પટેલ, જનરલ મેનેજર | તથા સમસ્ત કર્મચારી પરીવાર | નિમેષકુમાર જે. મહેતા, આસી. મેનેજર
-: શાખાઓ :-
હેડ ઓફીસ :- ૨૪૧૭૭૩, ૨૪૧૭૭૪, માર્કેટ યાર્ડ શાખા - ૨૪૬૨૫૦, મહાવીરનગર શાખા - ૨૩૩૦૭૬, મોતીપુરા શાખા -૨૨૯૫૪૭, મહેતાપુરા શાખા - ૨૨૩૨૫૨, સહકારી જીન રોડ શાખા - ૨૪૭૭૭૪, ગાંભોઈ શાખા - ૨૫૦૧૭૨

નૂતન વર્ષાભિનંદન
હેર કટીંગ, બ્રાઈડલ, થ્રેડીંગ, મેક-અપ, મહેંદી, ફેશીયલ, વેકસીંગ
ન્યુ કેશ કલા
(ફક્ત બહેનો માટે)
મેઘા
ફોન : ૨૭૫૦ ૩૭૦૪
દુલ્હન સજાવટના ઓર્ડર લેવામાં આવશે.
દુકાન નં.૧. ધર્મનગર સોસાયટી, ધર્મેશ્વર મહાદેવની પાસે, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫.
Bhavesh 2750 3704
New Kesh kala
(Only For Gents)
Air Conditioner
: Shop :
No.2.Dharmnagar Soc, Nr.Dhameshwar Mahadev, SABARMATI, AHMEDABAD.
Ph.27503704

“સૌના વિશ્વાસની મુડી સતત ૧૯૫૯થી સાબરકાંઠા બેંક.” “આપની બેંક સૌની બેંક” : અનેક અંતરાયો વચ્ચે અડીખમ બેંક-સાબરકાંઠા બેંક”
ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર
હિંમતહાઈસ્કુલ સામે, સ્ટેશન રોડ, હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૦૧
નૂતન વર્ષાભિનંદન
અનંત આસ્થા SK BANK સાકો બેંક The Sabarkantha District Central Co-operative Bank Ltd.
તા.૩૧-૦૩-૨૦૨૫ની સ્થિતી
માન્યવર થાપણદારોનો વિશ્વાસ થાપણો - રૂા.૪૦૬૦.૮૮ કરોડ | ધિરાણો ૨૩૦૩.૭૯ કરોડ | કુલ બિઝનેસ રૂા.૬૩૬૪.૬૮ કરોડ
નેટ એનપીએ “૦” ઝીરો ટકા
સન્માનનીય ગ્રાહકોની સેવા બેંકની ૧૩૩ સીબીએસ શાખાઓમાં
★ તમામ ગ્રાહકો માટે ત્વરીત ફંડ ટ્રાન્સફર માટે RTGS/NEFT/IMPS/MOBILE BANKING તેમજ ડ્રાફ્ટની સગવડ, ATM, Mocro ATM, Rupay Debit Card, Platinumcard, Rupay KCC Card થી ડીઝીટલ પેમેન્ટ પધ્ધતિમાં સદા અગ્રેસર
★ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના હેઠળ રૂા.૪૩૬/-ના પ્રિમિયમથી રૂા.૨૦૦૦૦૦/- સુધીના જીવન વિમાની સગવડ
★ પ્રધાનમંત્રી જીવન સુરક્ષા વિમા યોજના હેઠળ રૂા.૨૦/-ના પ્રિમિયમથી રૂા.૨૦૦૦૦૦/- સુધીના અકસ્માત વિમાની સગવડ
★ ભારત સરકારની અટલ પેન્શન યોજના હેઠળ રૂા.૧૦૦૦થી રૂા.૫૦૦૦ના પેન્શનની સગવડ
★ બેંક/મંડળીમાંથી કર્જ મેળવતા સભાસદોને રૂા.૫/- લાખનું અકસ્માત વિમા કવરેજ.
★ બેંકના Rupay Platinum Card ધારકને રૂા.૨/- લાખનું અકસ્માત વિમા કવરેજ E-Commerce Transection ઉપર મળવાપાત્ર છે.
★ આ બેંકમાંથી પ્રત્યેક થાપણદારની રૂા.૫૦૦૦૦૦/- સુધીની થાપણો વિમાથી રક્ષિત છે.
હંસાબેન એમ. પટેલ, ચેરમેન | એચ.પી.નાયક, ચીફ એકઝીક્યુટીવ | ભીખાજી દુધાજી ડામોર, વાઈસ ચેરમેન | શાન્તાબેન એન. પટેલ, માનદ્ મેનેજીંગ ડિરેક્ટર

નૂતન વર્ષાભિનંદન
ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ., હિંમતનગર
શ્રી જેઠાભાઈ પ્રભુદાસ પટેલ, ચેરમેન | શ્રી રાજેન્દ્રકુમાર અમૃતભાઈ પટેલ, માનદ્ મંત્રી
શ્રી હસમુખભાઈ દયાળજીભાઈ પટેલ, વાઈસ ચેરમેન | ડૉ. આર.એસ.પટેલ, મેનેજર
વ્યવસ્થાપક કમિટિના સભ્યશ્રીઓ અને કર્મચારી પરિવાર
ફોન : (૦૨૭૭૨) ૨૪૧૪૭૦
-: શાખાઓ :-
મહાવીરનગર, ગાંભોઈ, ધનસુરા, ભિલોડા, માલપુર, ઈડર, મેઘરજ, સલાલ, મોડાસા, વડાલી અને તલોદ

### લોકોને આંખોમાં બળતરાં થવા લાગ્યા

# દિવાળીએ ગેસ ચેમ્બર બનેલી દિલ્હીમાં AQI ૫૫૦ને પાર

## પ્રદૂષણનું આ સ્તર અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિવાળીના અવસરે, દિલ્હીની હવા ઝેર જેવી ખતરનાક થઈ ગઈ છે. દેશની રાજધાની જાણે "ગેસ ચેમ્બર" બની ગઈ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) અનુસાર, દિવાળી પર દિલ્હીની હવાની ગુણવત્તા "ખૂબ જ ખરાબ" અને "ગંભીર" શ્રેણીઓમાં પહોંચી ગઈ. શહેરના ૩૮ મોનિટરિંગ સ્ટેશનમાંથી ૩૪ સોમવારે (૨૦ ઓક્ટોબર) રેડ ઝોન નોંધાયા છે.

સોમવારે (૨૦ ઓક્ટોબર) સમગ્ર દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૫૩૧ છે, જે એક મોટી અને ગંભીર ખબર છે. પ્રદૂષણનું આ સ્તર અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે.

વિવિધ વિસ્તારોમાં પ્રદૂષણની સ્થિતિ: દિલ્હીના અલગ-અલગ વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક છે:

નરેલા: AQI ૫૫૧ (સૌથી વધુ)
અશોક વિહાર: AQI ૪૯૩
આનંદ વિહાર: AQI ૩૯૪

દિલ્હીને અડીને આવેલા વિસ્તારોમાં પણ સ્થિતિ નાજુક છે:

નોઈડા: AQI ૩૬૯ ('ખૂબ જ ખરાબ' શ્રેણીમાં)

ગાઝિયાબાદ: AQI ૪૦૨ ('ખૂબ જ ખરાબ' શ્રેણીમાં)

જોકે, ચંદીગઢમાં AQI ૧૫૮ રહ્યો, જે દર્શાવે છે કે NCR (નેશનલ કેપિટલ રિજન)માં હવાની ગુણવત્તા કેટલી ઝડપથી બગડી છે. આ સ્થિતિ પર સરકાર અને વહીવટીતંત્રે તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.

દિલ્હીમાં AQI ૫૩૧ સુધી પહોંચવું સ્પષ્ટપણે દર્શાવે છે કે હવા કેટલી ઝેરી બની ગઈ છે. ૪૦૦થી ઉપરનો AQI 'ગંભીર' શ્રેણીમાં ગણાય છે, જે સ્વસ્થ લોકોને પણ અસર કરી શકે છે. આ પ્રદૂષણની સ્થિતિમાં લોકોએ બહાર નીકળવાનું ટાળવું જોઈએ અને માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. સ્વાસ્થ્ય નિષ્ણાતોએ બાળકો, વૃદ્ધો અને શ્વાસ સંબંધી સમસ્યાઓ ધરાવતા લોકો માટે વિશેષ કાળજી લેવાની સલાહ આપી છે.

દિલ્હી અને NCRમાં હવામાનનું વાતાવરણ પર્યાવરણ માટે પ્રતિકૂળ બની રહ્યું છે. જોરદાર પવન ન ફૂંકાવાને કારણે સ્મોગની સ્થિતિ યથાવત રહેશે. સવારના સમયે અનેક સ્થળોએ આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે.

દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૧ થી ૩૩ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૦થી ૨૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧-૩ ડિગ્રી સેલ્સિયસ વધારે અને મહત્તમ તાપમાન સામાન્યની આસપાસ રહેશે. આ સ્થિતિ પ્રદૂષણને ઘટાડવામાં મદદરૂપ નથી.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સવારના સમયે મુખ્ય સપાટીનો પવન દક્ષિણ-પૂર્વ દિશામાંથી ૫ કિમી પ્રતિ કલાકની ધીમી ગતિએ ચાલશે. મોડી સાંજ અને રાત સુધી પણ પવનની ગતિ ૮ કિમી પ્રતિ કલાકથી ઓછી રહેશે.

પવનની આ ધીમી ગતિ સ્મોગ અને ધુમ્મસના કણોને સપાટીની નજીક જકડી રાખે છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હી/NCRમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. ધીમા પવનને કારણે હાલમાં પ્રદૂષણમાંથી રાહત મળવાની કોઈ આશા નથી.

# દિવાળીની રાત્રે અર્ટિગા કાર પલટી જતા બે મિત્રોના કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા, તા.૨૧ સંખેડા નજીક બહાદરપુરમાં રાત્રે ફટાકડા ફોડીને ડભોઈ ચા-નાસ્તો કરવા ગયેલા સાત મિત્રો પરત બહાદરપુર જતા હતા ત્યારે મોડી રાત્રે તેમની અર્ટિગા કાર ઝાડ અને થાંભલા સાથે અથડાયા બાદ રોડ નજીકના કાંસમાં પલટી મારતા વડોદરા વાઘોડિયારોડના એક યુવાન તેમજ તેના મિત્ર મળી બે યુવાનોના કરૂણ મોત નિપજ્યા હતાં જ્યારે અન્ય પાંચ મિત્રોને ઈજા થઇ હતી.

સંખેડામાં બહાદરપુરમાં રહેતા ભાર્ગવ મહેશ અમીને ડભોઇ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું વાઘોડિયા ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરું છું. તા.૨૦ના રોજ દિવાળીના રોજ રાત્રે ૧૨ વાગ્યા સુધી મિત્રો સાથે ફટાકડા ફોડયા હતાં અને ત્યારબાદ સાડા બાર વાગે હું તેમજ મારા મિત્રોને ચા પીવાની ઈચ્છા થતાં વ્રજ રાજેન્દ્ર શાહ (રહે.ભક્તિનગર, વાઘોડિયારોડ, વડોદરા)ની અર્ટિગા કારમાં બેસી ડભોઇ વેગા ચોકડી આવ્યા હતાં.

રાત્રે ચા-નાસ્તો કર્યા બાદ રાત્રે એક વાગે બહાદરપુર પરત જવા માટે નીકળ્યા હતાં. આ વખતે ગાડી વ્રજ ચલાવતો હતો. અમે સીમળીયા ગામેથી થોડે આગળ જતા સામેથી આવતી એક ગાડીના કારણે વ્રજે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ગાડી રોડની સાઈડમાં લોખંડના થાંભલા તેમજ સમડાના ઝાડ સાથે અથડાઈને કાંસમાં પલટી મારી હતી. આ ઘટનામાં મને તેમજ અન્ય મિત્રોને ઈજા થઇ હતી જ્યારે ચાલક વ્રજ શાહ અને અન્ય મિત્ર દર્પણ ઉર્ફે રવિ સુરેશ વાળંદનું મોત નિપજ્યું હતું.

મૃતક અને ઈજાગ્રસ્તોના નામો

મૃતકના નામ
- વ્રજ રાજેન્દ્ર શાહ (રહે.ભક્તિનગર, વાઘોડિયારોડ, વડોદરા)
- દર્પણ ઉર્ફે રવિ સુરેશ વાળંદ (રહે.બહાદરપુર, તા.સંખેડા)

ઈજાગ્રસ્તોના નામ
- ભાર્ગવ મહેશ અમીન (રહે.બહાદરપુર)
- આકાશ જગદીશ મોચી (રહે.બહાદરપુર)
- રોહન યશપાલ પંડિત (રહે.બહાદરપુર)
- જૈનીલ કાલીદાસ દેસાઇ (રહે.બહાદરપુર)
- જય સંજય શાહ (રહે.બહાદરપુર)

સામેથી આવતી ગાડીની લાઇટમાં આંખો અંજાઇ અને અકસ્માત સર્જાયો

બહાદરપુરમાં રહેતા યુવાન મિત્રો ત્યાંથી ડભોઇ વેગા ચોકડી પાસે મોડી રાત્રે ચા-નાસ્તો કરવા આવ્યા હતા અને પરત જતી વખતે ડભોઇ-બોડેલી માર્ગ પર અકસ્માત સર્જાયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ગાડી વ્રજ ચલાવતો હતો અને સીમળીયા પાસે આવતા સામેથી આવતી એક ગાડીની લાઇટથી વ્રજની આંખો અંજાઇ ગઇ હતી અને તેને સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો.

ડભોઇ-બોડેલી હાઇવે પર અકસ્માતના પગલે અર્ટિગા કાંસમાં પલટી મારી હતી. જેમાં સૌપ્રથમ અંદરથી ભાર્ગવ બહાર નીકળ્યો હતો અને બાદમાં તેણે મિત્ર જૈનીલને ગાડીમાંથી બહાર કાઢ્યો હતો જ્યારે બંનેએ ભેગા મળીને ગાડીમાં ફસાયેલા આકાશ, રોહન અને જયને બહાર કાઢ્યા હતાં.

### થલતેજમાં તો AQI ૧૦૦૦થી વધુ નોંધાયું!

# દિવાળી ટાણે ફટાકડાના ધુમાડામાં ગૂંગળાયું અમદાવાદ

## રાજ્ય સરકારે રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડવાની માર્ગદર્શિકા બહાર પાડી હતી, પરંતુ શહેરના મોટાભાગના વિસ્તારોમાં મોડી રાત સુધી આતશબાજી ચાલુ રહી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

દિવાળીના તહેવારની ઉજવણી બાદ અમદાવાદ શહેર જાણે પ્રદૂષણની ગાઢ ચાદરમાં લપેટાઈ ગયું. સોમવારે રાત્રે સરકારી નિયમોને નેવે મૂકીને મોડી રાત સુધી ફોડવામાં આવેલા ફટાકડાના કારણે શહેરની હવા ઝેરી બની ગઈ હતી. ૨૦ ઓક્ટોબરની રાત્રે શહેરનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૩૦૦ને પાર કરી 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં પહોંચી ગયો હતો, જ્યારે થલતેજ જેવા વિસ્તારમાં તો AQI ૧૦૦૦થી વધુના અત્યંત જોખમી સ્તરે પહોંચતા ચિંતાનો માહોલ સર્જાયો છે.રાજ્ય સરકારે રાત્રે ૮થી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડવાની માર્ગદર્શિકા બહાર પાડી હતી, પરંતુ શહેરના મોટાભાગના વિસ્તારોમાં મોડી રાત સુધી આતશબાજી ચાલુ રહી હતી. પરિણામે, હવામાં PM2.5 અને PM10 જેવા ઝેરી રજકણોનું પ્રમાણ ભયજનક સ્તરે વધી ગયું હતું. aqi.in વેબસાઈટ મુજબ, ચાંદખેડા, બોપલ, શીલજ, નારોલ અને સાયન્સ સિટી જેવા વિસ્તારોમાં AQI ૩૫૦થી ૫૦૦ની વચ્ચે 'ગંભીર' શ્રેણીમાં નોંધાયો હતો. દિવાળીની સવાર ધુમ્મસભરી રહી અને હવામાં ગનપાઉડરની તીવ્ર ગંધ અનુભવાઈ, જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ અને આંખોમાં બળતરા જેવી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. જ્યારે એક સમયે નારોલ જેવા વિસ્તારમાં AQI ૮૫૦ થી ઉપર નોંધાયો હતો. આ અંગે નિષ્ણાતોએ જણાવ્યું કે, "આટલું ઊંચુ AQI લેવલ, ખાસ કરીને PM2.5નું વધેલું પ્રમાણ, ફેફસાં માટે અત્યંત હાનિકારક છે. તેનાથી અસ્થમાના દર્દીઓને ગંભીર હુમલા આવી શકે છે અને સામાન્ય વ્યક્તિને પણ શ્વાસનળીમાં બળતરા અને લાંબા ગાળે ફેફસાનું કેન્સર થવાનું જોખમ રહે છે." તેમણે ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વસનતંત્રની બીમારી ધરાવતા લોકોને આગામી બે-ત્રણ દિવસ ઘરની બહાર નીકળવાનું ટાળવા અને માસ્ક પહેરવાની સલાહ આપી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રદૂષણ ઘટાડવા માટે મુખ્ય માર્ગો પર પાણીનો છંટકાવ અને એન્ટી-સ્મોગ ગનનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે દિવાળી પર પ્રદૂષણનું સ્તર લગભગ ૨૦% વધુ નોંધાયું છે. સામાન્ય દિવસોમાં અમદાવાદનો AQI ૧૦૦ની નીચે રહે છે, જેની સરખામણીમાં આ વધારો અત્યંત ચિંતાજનક છે. AQI હવાની ગુણવત્તા માપવાનો એક માપદંડ છે. તેની રેન્જ ૦થી ૫૦૦ વચ્ચે હોય છે. ૦-૧૦૦ સારો, ૧૦૧-૨૦૦ સાધારણ, ૨૦૧-૩૦૦ ખરાબ, ૩૦૧-૪૦૦ ખૂબ જ ખરાબ અને ૪૦૧-૫૦૦ અત્યંત ગંભીર માનવામાં આવે છે. આ ઈન્ડેક્સ નાગરિકોને હવાની ગુણવત્તા વિશે સાવચેત કરવામાં મદદ કરે છે.

### બિહારમાં સંપૂર્ણ દારૂબંદી અમલમાં છે

# દારૂબંદી ધરાવતા બિહારમાં ચૂંટણી અગાઉ ૨૩ કરોડનો દારૂ જપ્ત

## પોલીસ અને અન્ય સંબધિત એજન્સીઓએ ૭૫૩ લોકોની ધરપકડ કરી છે અને ૧૩,૫૮૭ બિન જામીનપાત્ર વોરન્ટ ઈશ્યુ કરવામાં આવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહારમાં છ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણીની જાહેરાત પછી રાજ્યમાં વિભિન્ન એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ અત્યાર સુધી કુલ ૬૪.૧૩ કરોડ રૂપિયાનું દારૂ, રોકડ, માદક પદાર્થો અને અન્ય લોભામણી વસ્તુઓ જપ્ત કરી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બિહારમાં એન્ફોર્સમેન્ટ એજન્સી તરફથી જપ્ત કરવામાં આવેલ દારૂની કીંમત ૨૩.૪૧ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં સંપૂર્ણ દારૂબંદી અમલમાં છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે છ ઓક્ટોબરથી અત્યાર સુધી પોલીસ અને અન્ય સંબધિત એજન્સીઓએ ૭૫૩ લોકોની ધરપકડ કરી છે અને ૧૩,૫૮૭ બિન જામીનપાત્ર વોરન્ટ ઈશ્યુ કરવામાં આવ્યા છે.

મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ)ની ઓફિસ દ્વારા જારી આંકડાઓ અનુસાર છ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણીની જાહેરાત પછી સમગ્ર રાજ્યમાં રોકડ, દારૂ, માદક પદાર્થો અને અન્ય લોભામણી વસ્તુઓનાં સ્વરૂપમાં કુલ ૬૪.૧૩ કરોડ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. આંકડાઓ અનુસાર જપ્ત કરવામાં આવેલી વસ્તુઓમાં ૨૩.૪૧ કરોડ રૂપિયાનું દારૂ, ૧૪ કરોડ રૂપિયાની લોભામણી વસ્તુઓ, ૧૬.૮૮ કરોડ રૂપિયાના માદક પદાર્થો અને ૪.૧૯ કરોડ રૂપિયાની રોકડ સામેલ છે. ચૂંટણી પંચે અગાઉ જ વિભિન્ન એન્ફોર્સમેન્ટ એજન્સીઓને નિર્દેશ આપ્યા છે કે તે ચૂંટણીઓમાં ધનનાં દુરુપયોગને રોકવા માટે તપાસ વધારી દે.

# ચોટીલા માંડવ વનમાં ઝરીયા મહાદેવ રોડ પર દીપડો દેખાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

ચોટીલાના ઝરિયા મહાદેવ મંદિર તરફ જવાના રસ્તા પર દીપડાનો વીડિયો વાયરલ થતા દોડધામ મચી જવા પામી છે. જો કે આ અંગે વન વિભાગ દ્વારા સતાવાર કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.ચોટીલા નજીક આવેલા માંડવવન સહિતના જંગલ વિસ્તારમાં દીપડા સહિતના હિંસક પ્રાણીઓ અવાર નવાર પાણી અને ખોરાકની શોધમાં આવી ચડતાં હોય છે. અગાઉ પણ ચોટીલા તાલુકામાંથી દીપડાએ દેખા દેતા વન વિભાગની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. ત્યારે ચોટીલાના ઝરીયા મહાદેવ મંદીર તરફ જવાના રસ્તા પર વન વિસ્તારમાં દીપડા લટાર મારતો હોય તેવો વિડીયો રસ્તા પરથી પસાર થતા એક વાહન ચાલકે ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો.

વાયરલ વીડિયોમાં દીપડો બિન્દાસ ઝાડી ઝાંખરા વચ્ચે હરતો ફરતો જણાઈ આવ્યો હતો. જ્યારે ચોટીલા તાલુકામાં ફરી દીપડાએ દેખા દીધી હોય તેવો વિડીયો વાયરલ થતા સ્થાનિક રહીશો સહિત ઝરીયા મહાદેવ મંદિરે દર્શનાર્થે આવતા લોકોમાં ડર નો માહોલ ઉભો થયો છે.

### તંત્રને વારંવાર રજૂઆત છતાં ઉકેલ નહીં આવતા ગ્રામજનોમાં આક્રોશ

# દસાડાના ઉપરિયાળા-પોરડા રોડ બિસ્માર ઠેર-ઠેર ખાડાને કારણે અકસ્માતનો ભય

(સંપૂર્ણ સમાચાર સેવા)પાટડી

દસાડાના ઉપરિયાળાથી પોરડા ગામ જતો રોડ ચાર વર્ષમાં તૂટી જતા સ્થાનિકો અને વાહન ચાલકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. રોડ પર ઠેર-ઠેર ખાડા પડી જતાં અકસ્માતો અને વાહનોને નુકસાન થવાના બનાવો બની રહ્યાં છે.

કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવતાનું કામ કરવામાં આવ્યું હોવાનો પણ ગ્રામજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.કચ્છ-અમદાવાદ હાઈવેને જોડતો દસાડા તાલુકાના ઉપરિયાળા-પોરડા રોડ અંદાજે ચાર વર્ષ પહેલા નિર્માણ પામ્યો હતો પરંતુ થોડા જ વર્ષોમાં રોડ તૂટી જતા ઠેર ઠેર ખાડા પડી ગયા છે.

રોડની ભંગાર જેવી હાલત બનતા આ માર્ગ ઉપરથી બિમાર વ્યક્તિને હોસ્પિટલ લઈ જવી હોય તો જોખમી

**ચાર વર્ષ અગાઉ બનાવેલો રોડ ભંગાર બનતા રોડની ગુણવત્તાની સામે સવાલ: રસ્તાના સમારકામની માંગ**

પુરવાર થાય તેવો આક્ષેપ સ્થાનિક ગ્રામજનોએ કર્યો છે.

બિસ્માર તેમજ ઉબડ ખાબડ રસ્તાના કારણે વાહન ચાલકો અહીંથી પસાર થાય ત્યારે વાહનોને નુકસાન થાય છે તેમજ અકસ્માત થવાની પણ ભીતિ સેવાઈ રહી છે.

બિસ્માર રસ્તાના કારણે વાહનો પલટી મારી જવાના પણ બનાવો બની રહ્યા છે. આ મામલે અનેક વખત ગ્રામજનો સહિત આગેવાનોએ સ્થાનિક તંત્ર સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં નહી આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ પોરડાથી મજેઠી ગામ જતો અંદાજે ૧૨ કિલોમીટર રોડ તૂટી જતા રાત્રિ દરમિયાન જ્યારે નીકળવાનું થાય ત્યારે ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે. અહીંથી કંપની તરફ જતા યુવાનોના બાઈક સ્લીપ થવાના પણ બનાવ બન્યા છે. ડામરનો રોડ પરથી કપચી છુટી પડી રહી છે.

૧૨ કિલોમીટરનું અંતર કાપવામાં અંદાજે એક કલાક જેટલો સમય નીકળી જાય છે. ઉપરિયાળા જૈન તીર્થ સ્થળ આવેલું છે જ્યાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે તેવામાં રોડના ખસ્તા હાલથી અત્યંત મુશ્કેલી પડી રહી જો રસ્તાનું રિપેરિંગ કામ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### મહિલા કર્મચારીને 'એક્રાઉન્ટર' કરવાની ધમકી

# મહિલા બેંક કર્મચારીને ધમકી આપી બ્લેકમેઈલ કરનાર મહારાષ્ટ્રનો PSI ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરની પાલ પોલીસે એક ગંભીર ગુનામાં મહારાષ્ટ્રના PSI રણજીત કાસલેને ઝડપી પાડ્યો છે. આ PSI પર સુરતની એક મહિલા બેંક કર્મચારીને ધમકી આપીને બ્લેકમેઈલ કરવાના ગંભીર આક્ષેપો લાગ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપી PSI એ મહિલા કર્મચારીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં ફસાવી દેવાની કે નુકસાન પહોંચાડવાની ધમકી આપી હતી. બ્લેકમેઈલર PSI એ મહિલા કર્મચારી પાસેથી ધમકી આપીને રૂપિયા અઢી લાખ (૨.૫૦ લાખ) ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ ઘટનાએ પોલીસની પ્રતિષ્ઠા પર પણ સવાલ ઊભા કર્યા છે.

આરોપી PSI રણજીત કાસલેએ ધમકી આપતી વખતે પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકેની ઓળખ આપી હતી. તેણે ભયનું વાતાવરણ ઊભું કરવા માટે મહિલા કર્મચારીને 'એક્રાઉન્ટર' કરી દેવાની ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. આ ધમકીના કારણે મહિલા કર્મચારી ભારે માનસિક તણાવમાં હતી. PSI નો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો, જે આ ઘટના સાથે જોડાયેલો હોવાનું મનાય છે. સરકારી કર્મચારી હોવા છતાં આ પ્રકારે સત્તાનો દુરુપયોગ કરીને બ્લેકમેઈલિંગ કરવું એ ગંભીર અપરાધ છે.

ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવણીને કારણે આરોપી PSI રણજીત કાસલેને અગાઉ જ નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. જોકે, સસ્પેન્ડ થયા બાદ પણ તેણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. સુરતની પાલ પોલીસે મહિલા કર્મચારીની ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી કરીને PSIની ધરપકડ કરી છે અને તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ મામલાની ગંભીરતા જોતાં, પોલીસ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે કે આ PSIએ અન્ય કોઈ લોકોને પણ આ રીતે ધમકી આપીને બ્લેકમેઈલ કર્યા છે કે કેમ.

# ધ્રાંગધ્રાના મયુર બાગમાં અસામાજિક તત્વોએ ફરી બાંકડાઓમાં તોડફોડ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ધ્રાંગધ્રા

ધ્રાંગધ્રા શહેરના એકમાત્ર મયુર બાગમાં અસમાજીક તત્વોએ ફરી બાંકડાઓમાં તોડફોડ કરતા લોકોમાં રોષ જોવા મળ્યો છે. બાગમાં દારૂની બોટલો મળતા મહેફિલ માણતા હોવાની ચર્ચા ઉઠી છે. આ અંગે પોલીસ સહિત જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ધ્રાંગધ્રા શહેરની મધ્યમાં આવેલ મયુર બાગમાં લોકો તેમજ બાળકો હરવા ફરવા આવે છે તેમજ સિનિયર સિટીઝનો પણ અહીં બાકડા પર બેસી સમય પસાર કરે છે.

ત્યારે અસમાજીક તત્વો દ્વારા મયુર બાગ ખાતે અંદાજે ૧૦ થી વધુ બાંકડાઓ કોઈપણ કારણ વગર તોડી નાખી નુકસાન પહોંચાડયુ હતું. તેમજ બાગમાંથી દારૂની ખાલી બોટલો પણ મળી આવી હતી. આથી અસામાજીક તત્વો બાગમાં દારૂની મહેફિલ માણતા હોવા સહિત અનેક અસામાજીક પ્રવૃતિઓ પણ થતી હોવાનું સામે આવ્યું છે.

અગાઉ પણ શહેરના જાગૃત નાગરિક તેમજ સીનીયર સીટીઝનો દ્વારા આ અંગે તંત્રને રજૂઆતો કરવામાં આવી હતી છતાય કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી નહોતી. ત્યારે સ્થાનિક પોલીસ દ્વારા બાગમાં પેટ્રોલિંગ વધારી અસામાજીક તત્વોને ઝડપી પાડી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### ફટાકડાના કારણે આગ લાગ્યાનું અનુમાન

# રાજકોટમાં દિવાળીની રાત્રે ફટાકડાના કારણે આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ગુજરાતમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. તેમજ દિવાળીના સમય દરમિયાન કેટલીક વખત ફટાકડાના તણખાના કારણે આગ લાગતી હોય છે. ત્યારે રાજકોટમાં દિવાળીની રાત્રે ફટાકડાના કારણે આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમોએ તમામ આગ પર કાબૂમાં લીધી હતી. જો કે આગની ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આખી રાત રાજકોટના અલગ-અલગ ફાયર સ્ટેશનો ધમધમતા રહ્યાં છે. આગના બનાવમાં અલગ-અલગ જગ્યાઓએ બે બાઈક અને એક કાર સળગી હતી. ગોંડલ રોડ પર સ્વીગીના વેર હાઉસમાં આગ લાગી હતી. મવડી વિસ્તારમાં રામધામ મંદિર સામે ખુલ્લા પ્લોટમાં ભીષણ આગની ઘટના બની હતી. રાજકોટના જૂના એરપોર્ટમાં સુકાયેલા ઝાડી ઝાંખરામાં આગ લાગી હતી. રાજકોટમાં દિવાળીની રાત્રે ફટાકડાના કારણે આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમોએ તમામ આગ પર કાબૂમાં લીધી હતી. જો કે આગની ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. આખી રાત રાજકોટના અલગ-અલગ ફાયર સ્ટેશનો ધમધમતા રહ્યાં છે



જૂથ અથડામણમાં ૧૫ લોકો ઈજાગ્રસ્ત

# અમરેલીમાં ગ્રામ પંચાયતની ચૂંટણીથી ચાલતો ડખો તહેવાર ટાણે બન્યો ઉગ્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના સલડી ગામમાંથી દિવાળીના દિવસે (૨૦ ઓક્ટોબર) જૂથ અથડામણની ઘટના સામે આવી છે. જૂની ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખના કારણે બે જૂથો વચ્ચે ભયંકર અથડામણ થતાં ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. આ અથડામણમાં આહીર અને પટેલ સમાજના જૂથો સામસામે આવી ગયા હતા, જેમાં કુલ ૧૪ જેટલા વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ, અમરેલીના સલડી ગામમાં ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને લાંબા સમયથી ચાલી રહેલા મનદુઃખે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. જેમાં બંને જૂથના મળીને ૧૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. બંને પક્ષોએ સામસામે એકબીજા પર પાઈપ અને ધોકા વડે માર માર્યા હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. જૂથ અથડામણના બનાવ બાદ મોડી રાત્રે લીલીયા પોલીસ મથકે બંને પક્ષોના લોકોના ટોળાઓ ઉમટી પડ્યા હતા, જેના કારણે વાતાવરણ વધુ ગરમાયું હતું. ઘટનાની જાણ થતાં અમરેલી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ દ્વારા બંને ટોળાને સમજાવીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. હાલમાં પોલીસે ગામમાં શાંતિ જાળવવા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. પોલીસે બંને પક્ષોની ફરિયાદો (પોલીસ ફરિયાદ) લેવાની અને કાયદાકીય કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરી દીધી છે. પોલીસ દ્વારા આ સમગ્ર મામલે ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

૪ દિવસમાં ૪૪ કેસ નોંધાયા

# દિવાળીમાં અસારવા સિવિલ હોસ્પિટલમાં અકસ્માતોના દર્દીઓનો વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણી વચ્ચે અસારવા સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો નોંધાયો છે. ધનતેરસથી લઈને આજ સુધીના સમયગાળામાં રોડ અકસ્માતો અને ફટાકડાથી દાઝી જવાના કેસોમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. આ આંકડાઓ દર્શાવે છે કે, તહેવારોની ખુશીની સાથે લોકોની બેદરકારી અને બેફામ ડ્રાઈવિંગના કારણે ગંભીર અકસ્માતો સર્જાયા છે, જેના પરિણામે અનેક લોકોએ સારવાર લેવી પડી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ધનતેરસથી લઈને અત્યાર સુધીમાં કુલ ૪૪ જેટલા રોડ અકસ્માતના દર્દીઓએ અસારવા સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી છે. આ આંકડો તહેવારોના સમયગાળા દરમિયાન રોડ સેફ્ટીની ગંભીર સ્થિતિ તરફ ધ્યાન દોરે છે. સૌથી વધુ ચિંતાની વાત એ છે કે, દિવાળીના એક જ દિવસે ૧૧ લોકો રોડ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. આ રોડ અકસ્માતોમાં મોટા ભાગના દર્દીઓને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી, જે તેમની લાંબી સારવાર અને રિકવરીની જરૂરિયાત દર્શાવે છે. રોડ અકસ્માત ઉપરાંત, દિવાળીના તહેવારની ઉજવણીમાં ફટાકડા ફોડવાના કારણે પણ અનેક લોકો દાઝી ગયા હતા. દિવાળીના દિવસે જ ૧૫ જેટલા ફટાકડાથી દાઝેલા દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી હતી.

હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈમરજન્સી અને ઓર્થોપેડિક વિભાગમાં દર્દીઓનો ધસારો વધી ગયો છે. ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફ તહેવારોની રજાઓ વચ્ચે પણ વધારાના દર્દીઓની સારવારમાં વ્યસ્ત બન્યા છે. આ આંકડાઓ સ્પષ્ટ સંદેશ આપે છે કે, તહેવારોની ઉજવણી દરમિયાન લોકોએ ખાસ કરીને વાહન ચલાવતી વખતે અને ફટાકડા ફોડતી વખતે અત્યંત સાવચેતી રાખવી જરૂરી છે. બેદરકારીભર્યું વર્તન માત્ર વ્યક્તિગત ઈજાઓ જ નહીં, પણ અન્ય લોકો માટે પણ જોખમ ઊભું કરી શકે છે. હોસ્પિટલ તંત્રએ પણ તહેવારો દરમિયાન વધતા કેસોને ધ્યાનમાં રાખીને અલાયદી વ્યવસ્થા ગોઠવવી પડી છે.

પાંચ જિલ્લાના ૧૮ તાલુકાને આવરી લેવાયા

# ગુજરાતમાં રૂ.૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર

## ભારે વરસાદને કારણે જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જિલ્લામાં પાક નુકસાનીના અહેવાલો મળ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ઓગષ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૫ માસમાં ખાબકેલા ભારે વરસાદને કારણે પાકને થયેલા નુકસાન માટે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવા માટે રાજ્ય સરકારે રૂ. ૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. રાજ્યના કૃષિ મંત્રીએ ભાવનગર ખાતે પત્રકાર પરિષદમાં આ નિર્ણયની જાહેરાત કરી હતી. ભારે વરસાદને કારણે જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જિલ્લામાં પાક નુકસાનીના અહેવાલો મળ્યા હતા. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ ૫ જિલ્લાના ૧૮ તાલુકાઓના ૮૦૦ ગામોમાં સર્વે કરવામાં આવ્યો હતો, જેમાં ખરીફ ઋતુમાં વાવેતર કરેલ મુખ્યત્વે દિવેલા, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી, શાકભાજી અને કઠોળ પાકોમાં તેમજ દાડમ જેવા બાગાયતી પાકોમાં નુકસાન થયાનું જણાયું હતું. રાજ્ય સરકારે આ પાંચ જિલ્લાના ૧૮ તાલુકાઓના નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવાનો નિર્ણય કર્યો છે. આ પેકેજમાં જીઢઈહ્નની જોગવાઈ મુજબ રૂ. ૫૬૩ કરોડ અને રાજ્ય સરકાર દ્વારા રાજ્ય બજેટમાંથી વધારાની રૂ. ૩૮૪ કરોડની સહાય ઉમેરીને કુલ રૂ. ૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. સરકારે પાક નુકસાનીના ટકાવારી અને પાકના પ્રકારને આધારે સહાયની રકમ નક્કી કરી છે. સરકારના આ નિર્ણયથી ભારે વરસાદને કારણે આર્થિક સંકળામણમાં મુકાયેલા લાખો ખેડૂતોને મોટી રાહત મળશે. વળતરની રકમ ઝડપથી ખેડૂતોના ખાતામાં જમા થાય તે માટે કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

બિનપિયત ખેતી પાકઃ ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ખેડૂતોને પ્રતિ હેક્ટર ? ૧૨,૦૦૦ ની સહાય મળશે.

પિયત પાકોઃ ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે પ્રતિ હેક્ટર ? ૨૨,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવશે.

બાગાયતી પાકોઃ ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે પ્રતિ હેક્ટર ? ૨૭,૫૦૦ ની સહાય જાહેર કરાઈ છે.

ખાસ કરીને વાવ, થરાદ અને પાટણ જિલ્લાના ખેડૂતોને જમીની સુધારણા કામગીરી માટે પણ વિશેષ સહાય આપવામાં આવશે, જે પ્રતિ હેક્ટર ૨૦,૦૦૦ રહેશે. જોકે, આ કૃષિ રાહત પેકેજનો લાભ ભાવનગર જિલ્લાના ખેડૂતોને નહીં મળે. ભાવનગર જિલ્લાના મહુવા, ભાલ, સિહોર વગેરે પંથકમાં પણ ભારે વરસાદ પડ્યો હતો અને તેના કારણે પાકને નુકસાન થયું હોવાની ચર્ચાઓ ખેડૂતોમાં ચાલી રહી છે. રાજ્ય સરકારે રાહત પેકેજમાં માત્ર ૫ જિલ્લાનો જ સમાવેશ કર્યો હોવાથી, ભાવનગર જિલ્લાના ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતો માની રહ્યા છે કે તેમના વિસ્તારમાં પણ વરસાદથી પાકને ભારે નુકસાન થયું છે અને તેમને પણ સહાય મળવી જોઈએ.

કોંગ્રેસમાંથી શરૂઆત કર્યા બાદ પોતાનો પક્ષ પણ સ્થાપ્યો હતો

# પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. યોગેન્દ્ર મકવાણાનું નિધન થયું

## લાંબા સમય સુધી કોંગ્રેસમાં સક્રિય રહ્યા બાદ ડૉ. યોગન્દ્ર મકવાણાએ ૨૦૦૮માં કોંગ્રેસથી અલગ થવાનો નિર્ણય લીધો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં દલિત સમુદાયના એક અગ્રણી ચહેરા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા (તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી) ડૉ. યોગેન્દ્ર માકવાણાનું ૯૨ વર્ષની જૈફ વયે નિધન થયું છે. ૨૨ ઓક્ટોબર ૧૯૩૩ માં આણંદ જિલ્લાના સોજિત્રા ગામે તેમનો જન્મ થયો હતો. આજે જન્મ દિવસના એક દિવસ પહેલાં જ તેમણે વિદાય લેતાં શોક મોજું ફરી વળ્યું છે. તેમના નિધનથી ગુજરાતના રાજકારણમાં એક યુગનો અંત આવ્યો છે. ડૉ. યોગેન્દ્ર મકવાણા લાંબા સમય સુધી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા હતા અને કેન્દ્ર સરકારમાં મંત્રી તરીકે પણ સેવા આપી હતી. ડૉ. યોગેન્દ્ર માકવાણાની રાજકીય કારકિર્દીનો મોટો ભાગ રાજ્યસભામાં રહ્યો હતો. તેઓ ૧૯૭૩ થી ૧૯૮૮ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે રહ્યા હતા, જ્યાં તેમણે ૧૫ વર્ષ સુધી ગુજરાત અને દલિત સમાજના હિતોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ દરમિયાન તેમણે કેન્દ્રીય મંત્રી તરીકે પણ મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી. કેન્દ્ર સરકારમાં તેમની ગણના ગુજરાતના પ્રભાવશાળી દલિત નેતાઓમાં થતી હતી.લાંબા સમય સુધી કોંગ્રેસમાં સક્રિય રહ્યા બાદ ડૉ. યોગન્દ્ર મકવાણાએ ૨૦૦૮માં કોંગ્રેસથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. તેમણે દલિત અને બહુજન સમાજના હિતોને કેન્દ્રમાં રાખીને પોતાનો નવો રાજકીય પક્ષ 'નેશનલ બહુજન કોંગ્રેસ'ની સ્થાપના કરી હતી.

જોકે, ગુજરાતમાં મહારાષ્ટ્ર કે ઉત્તર પ્રદેશ જેવું તીવ્ર દલિત સક્રિયતા વાળું રાજકીય વાતાવરણ ન હોવાથી તેમનો આ રાજકીય પ્રયોગ સફળ થઈ શક્યો નહોતો. તેમ છતાં ગુજરાતમાં દલિત રાજકારણની દિશામાં તેમનું આ પગલું એક મહત્ત્વનો પ્રયાસ ગણાય છે. ડૉ. યોગેન્દ્ર મકવાણાના નિધનથી ગુજરાતમાં દલિત રાજકારણની ચર્ચા ફરી શરૂ થઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે ગુજરાતમાં દલિતોનું રાજકીય સંગઠન ઉત્તર ભારતીય રાજ્યો જેટલું મજબૂત નથી. આવા સંજોગોમાં ડૉ. યોગન્દ્ર મકવાણા જેવા અનુભવી નેતાની ગેરહાજરી કોંગ્રેસ અને દલિત સમુદાયના રાજકીય પ્રતિનિધિત્વ માટે એક મોટી ખોટ બની રહેશે. ડૉ. યોગેન્દ્ર મકવાણાના નિધન બદલ વિવિધ રાજકીય નેતાઓ અને સંગઠનોએ શોક વ્યક્ત કર્યો છે.

ડ્રાઈવરે દારૂ પીધો હોવાનો આક્ષેપ

# અમદાવાદના નારણપુરામાં કચરાની ગાડી બેફામ બની

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ૧૩૨ ફૂટ રિંગ રોડ પાસે આવેલા અમી એપાર્ટમેન્ટ નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો હતો.

કચરાની ગાડીના ચાલકે બેફામ રીતે વાહન ચલાવીને રસ્તા પર પાર્ક કરેલા અનેક વાહનોને અડફેટે લીધા હતા. આ ઘટનામાં કચરાની ગાડીએ ૭થી વધુ બાઈક અને એક કારને ટક્કર મારતા વાહનોને મોટું નુકસાન થયું હતું. ઘટનાસ્થળે હાજર રહેલા લોકોએ આક્ષેપ કર્યો હતો કે કચરાની ગાડીનો ચાલક દારૂ પીધેલી હાલતમાં હતો, જેના કારણે આ અકસ્માત સર્જાયો હતો.અકસ્માતની જાણ થતાં જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. વાહન માલિકોએ ભેગા થઈને પોતાના વાહનોના નુકસાન બદલ વળતરની માંગણી કરી હતી અને ડ્રાઈવર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી.

પોલીસે તુરંત જ કચરાની ગાડીના ચાલકની અટકાયત કરી તેને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. પોલીસે ડ્રાઈવરની વધુ પૂછપરછ શરૂ કરી છે.

ડ્રાઈવરે ખરેખર દારૂનું સેવન કર્યું છે કે કેમ, તેની ખાતરી કરવા માટે તબીબી તપાસ (મેડિકલ ટેસ્ટ) કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે પોલીસે કાયદેસરની તપાસ શરૂ કરી છે.

નર્મદાનગરમાં દિવાળીની રોનક જોવા મળી

# સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં એકતાનગરને દુલ્હનની જેમ કરાયો શણગાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નર્મદા

નર્મદાનગરમાં દિવાળીની રોનક જોવા મળી. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સુંદર રોશની કરાઈ. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં ઈલ્યુમિનેશન્સ લાઈટિંગ દ્વારા સમગ્ર એકતા નગરને દુલ્હનની જેમ લાઈટિંગ કરી સજાવી વધુ આકર્ષક બનાવવામાં આવ્યું છે. એકતા પ્રકાશ પર્વ માટે સમગ્ર એકતા નગર ઈલ્યુમિનેશન્સ લાઈટિંગ દ્વારા બે ભાગમાં સજાવટ કરવામાં આવી છે. જેમાં પ્રથમ ભાગમાં એકતા દ્વારથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી ૭ કિમીના વિસ્તારમાં લાઈટિંગ પોલ તેમજ ગેન્ટ્રી મોટિફ, વિવિધ સરકારી યોજનાઓ અને એકતા નગરના પર્યટન સ્થળોને પ્રદર્શિત કરતા અદભૂત લાઈટિંગ સાથે સાથે મુખ્ય રોડ પર આવેલા તમામ ઈમારતો અને વૃક્ષોને પણ લાઈટિંગ દ્વારા સુશોભિત કરવામાં આવ્યા છે અલગ-અલગ ભાગમાં થીમ આધારિત સિલીંગ લાઈટ, વિવિધ પ્રકારના લાઈટિંગ આર્ટિકલ્સ અને ઓપરેશન સિંધૂર, ઈસરો જેવા અનેક થીમ આધારિત સેલ્ફી પોઈન્ટ/ફોટો બૂથ લગાવાયા છે. આ વિસ્તારમાં પક્ષીઓ-પ્રાણીઓ, વિવિધ ચિત્રકલાઓ, વૃક્ષો અને પુષ્પોની આકૃતિઓ, ધાર્મિક ચક્રો તેમજ યંત્રો, અંતરિક્ષ અને સુર્યમંડળના ગ્રહોની થીમ આધારિત લાઈટિંગ આર્ટિકલ્સ લગાવી ખાસ ડિઝાઈન કરવામાં આવ્યા છે. ત્યારે અહીંયા આવેલા જોઈએ પ્રવાસી આ થીમ જોઈ વધુ આનંદિત થયા.

રાત્રી બજારમાં અસામાજિક તત્વોનો અડિંગો

# મહિલાને ઘૂરીને જોતા બે યુવકોએ ધમકી આપી, જિમ ટ્રેનર પકડાયો

## સામે ટેબલ પર બેઠેલા બે યુવકો તેને દસ મિનિટ સુધી ઘૂરીને જોતા હોવાથી મહિલાના પતિ અને ભાઈએ દુકાનદારને જાણ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

રાત્રી બજારમાં અસામાજિક તત્વો અડિંગો જમાવી રહ્યા હોવાથી આવા તત્વો સામે પગલાં લેવા જરૂરી બન્યું છે.ગઈમધરાતે પતિ અને ભાઇ સાથે જમવા આવેલી મહિલાને ઘૂરીને જોવા બાબતે તકરાર થતાં ભારે ઉત્તેજના વ્યાપી હતી.

સેવાસી ખાતે રહેતી યુવતી ગઇ રાતે રાત્રી બજારમાં ગુપ્તાજીની પાંઉભાજી પર પતિ અને ભાઇ સાથે આવી હતી.ત્યારે સામે ટેબલ પર બેઠેલા બે યુવકો તેને દસ મિનિટ સુધી ઘૂરીને જોતા હોવાથી મહિલાના પતિ અને ભાઇએ દુકાનદારને જાણ કરી હતી.આ વખતે દુકાનદારે બંને યુવકોને ટકોર કરતાં તેઓ ઉશ્કેરાઇ ગયા હતા અને સાળા- બનેવીને ગાળો દઇ હુમલો કરવા દોડી આવ્યા હતા.જે દરમિયાન પોલીસ આવી જતાં તેઓ પરત ફર્યા હતા.

આ પૈકીના એક જણાએ સાળા-બનેવીને બહાર નીકળો તો જોઇ લઉં,ગળું કાપી નાંખું તેવો છું..તેવી ધમકી આપી હતી.પરંતુ તે જ વખતે પોલીસ આવી જતાં બેમાંથી જિમ ટ્રેનર શિવદાસ ભરતલાલ ગિરી(સિકોતર ધામ સોસાયટી,ગોરવા) પકડાઇ ગયો હતો. જ્યારે તેનો બીજો સાગરીત ફરાર થઇ જતાં પોલીસે શોધખોળ જારી રાખી છે.નોંધનીય છે કે,ગણેશોત્સવ દરમિયાન પણ એક દુકાનદારના નોકરે યુવતીની છેડતી કરતાં યુવતીએ પાઠ ભણાવવા કોઇને ફોન કર્યા હતા.પરંતુ દુકાનદારે સમજાવટ કરી વાત આગળ વધતી અટકાવી હતી.

પટેલ ફળિયામાં રહેતા સિરાજગુલદીન અંસારીએ પોલીસને કહ્યું છે કે,દોઢ વર્ષથી હું હેર સલૂનમાં કામ કરું છું.ગઇકાલે બપોરે દુકાનમાં સફાઇ દરમિયાન મેનેજર નિયા ઘેલાણી સાથે બોલવાનું થયું હતું.ત્યારબાદ રાતે સાડાદસેક વાગે હું ઘેર હતો ત્યારે રેહાન ઉર્ફે ફૈઝાન પઠાણ અને તેનો મિત્ર કારમાં આવ્યા હતા અને તું મેનેજર નીયા ઘેલાણી સાથે કેમ બોલાચાલી કરતો હતો તેમ કહી બહાર બોલાવીને માર માર્યો હતો.તેમણે ખોટા કેસમાં ફસાવી દેવાની પણ ધમકી આપી હતી.

# દિવાળીના દિવસે જ પિતાએ પુત્રને ધારિયુ મારીને મોતને ઘાટ ઉતારી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના રાણીપમાં આવેલી ખોડીયાનગર સોસાયટીમાં દિવાળીના પર્વમાં જ એક કરૂણાંતિકા બની. જેમાં પિતાએ આવેશમાં આવીને તેમના પુત્રના ગળા પર ધારિયાનો ઘા મારીને હત્યા કરી નાખી હતી.

સૌથી નવાઈની વાત એ છે કે હત્યા કર્યા બાદ તેમણે પોતાની પુત્રવધુને ફોન કરીને સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી.

આ અંગે રાણીપ પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપી પિતાની ધરપકડ કરી છે.

દિવાળીના દિવસે હચમચાવી દેનારી આ ઘટનાની વિગતો એવી છે કે ૩૩ વર્ષીય જયેશ ગોહેલ તેની પત્ની લક્ષ્મી, પિતા ભાઈલાલભાઈ , માતા અને તેના પાંચ વર્ષના પુત્ર મયંક અને ત્રણ વર્ષની દીકરી રિદ્ધી સાથે રહેતો હતો. પરંતુ, છેલ્લાં ચાર વર્ષથી તે કોઈ ખાસ કામ ધંધો કરતો નહોતો અને દારૂ પીવાના આદત પડી ગઈ હતી. આ ઉપરાંત, નાની નાની બાબતોમાં ઘરમાં ઝઘડાની સાથે મારામારી પણ કરતો હતો. જેના કારણે લક્ષ્મી તેના સંતાનો સાથે બોટાદ સારંગપુર ખાતે તેના પિયરમાં જતી રહી હતી.


# વાસદ- આણંદ રેલવે લાઈન પર ટ્રેનની અડફેટે યુવકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ તાલુકાના વાસદથી આણંદ તરફ જતી રેલવે લાઈન ઉપર ગઈકાલ રાત્રિના સુમારે એક ટ્રેન પસાર થઈ રહી હતી. દરમિયાન એક અજાણ્યો ૩૦થી ૩૫ વર્ષના આશરાનો યુવક ટ્રેનની અડફેટે આવી જતા તેને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વાસદ પોલીસને જાણ કરતાં પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી.







# અમદાવાદ, ભરૂચ અને સુરતમાં આગ લાગતાં મચી દોડધામ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદઃ દિવાળી સમયે શહેરમાં અલગ-અલગ વિસ્તારમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. અમદાવાદના આઈપી મિશન સ્કૂલ પાસે આગનો બનાવ બન્યો હતો. ફૂટપાથ પર ફટાકડા વેચી રહ્યા હતા તે સ્થળ પર આગ લાગી હતી. આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. જ્યારે ઘટનામાં કોઈ જાનહાનિ પહોંચી નથી.

આ ઉપરાંત અમદાવાદના ઝુંડાલ સર્કલ પાસે આગનો બનાવ સામે આવ્યો હતો. ખુલ્લી જગ્યામાં કચરામાં આગ લાગી હતી. ઘટનાને પગલે ફાયર બ્રિગેડે આગ પર કાબુ મેળવ્યો હતો.

ભરૂચના નંદેલાવ ગામ પાસે આવેલા ખેતરમાં આગ લાગી હતી. ખેતરમાં આગ લાગતા આજુબાજુના વિસ્તારમાં નાસભાગ મચી હતી. જ્યારે સ્થાનિકોએ આગ અંગે ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેના પગલે ફાયરની ટીમ દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.સુરતના ઉધના ચંદ્રદીપ સોસાયટીમાં આગનો બનાવ બન્યો હતો. ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની ઈમારતમાં આગ લાગી હતી. પતરાના શેડ નીચે યાર્નના જથ્થામાં આગ લાગી હતી. ત્રીજા માળે લાગેલી આગ બીજા ,પહેલ અને ગ્રાઉન્ડ ફ્લોરમાં પ્રસરી હતી. ફાયર વિભાગે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.


Sterling Accuris Diagnostics : Near Pukhraj Hospital, opp. Abu Vihar Hall Ram Nagar, Sabarmati, Ahmedabad - 380005
Call : 95372 01150, 81281 30000

sterling ACCURIS® DIAGNOSTICS
ACCURATE ▪ RELIABLE ▪ ADVANCED

National Refernce Laboratory : 101 to 109, First Floor, Sankalp Square II, Nr. Old Sharda Mandir Cross Roads, B/s. Jalaram Mandir rly. Crossing, Ellisbrige, Ahmedabad - Gujarat - 380006

સુરેશભાઈ પ્રજાપતિ - ૭૪૦૫૦ ૯૯૦૩૦
વિશાલભાઈ પ્રજાપતિ - ૭૦૪૧૦ ૪૪૨૯૪
નવરંગ
સેન્ડવીચ એન્ડ પીઝા
દાબેલી, વડાપાઉં, સેન્ડવીચ, પીઝા, ચાઈનીઝ તેમજ ફાસ્ટફૂડ
મહેશ્વરી કોમ્પલેક્ષ, સાબમતી પોલીસ સ્ટેશન પાસે, રામનગર, સાબરમતી - અમદાવાદ - ૩૮૦૦૦૫

Garments Showroom
Vishnu T. Kalwani
Kamal V. Kalwani
Ph. 27502861
GEETA
ULTIMATE CHOICE FENCY GARMENTS
Ramnagar, Sabarmati, Ahmedabad-380 005.

MAKE IN INDIA
SVJ શ્રી વિશાલ જ્વેલર્સ
आशा है कि आने वाले साल का हर दिन
खुशी और उत्साह मनाने के मौके लेकर आए।
आप सभी को
नव वर्ष की हार्दिक शुभकामनाएं
☎ ૦૭૯-૨૭૫૦૧૨૮૩
સોના ચાંદીના દાગીના ઉપર નાણાં ધીરનાર
કંકુનિવાસ, પોસ્ટ ઓફિસ પાસે, રામનગર રોડ, સાબરમતી, અમદાવાદ- ૫

FIRDAUS MEMORIAL CHARITY AND EDUCATION TRUST AMRUT
Amrut School
-: Amrut Pre-Primary
-: Amrut Primary
-: Amrut Secondary
-: Amrut Higher Secondary
-: FirDaus Amrut Centre
15, Cantonment, Shaibaugh, Ahmedabad- 380 003.
Ph.: (Sch) + 91-079-22866393, 22866501
(0) 91-079- 2658 4335, 2658 2983

શ્રી સાબરમતી વિદ્યામંદિર ટ્રસ્ટ
શ્રીમતી હીરાલક્ષ્મી ચીમનલાલ તારાચંદ કાપડીયા
સાબરમતી વિસ્તારની જૂની જાણીતી એક માત્ર સંસ્થા જે છેલ્લા ૧૭ વર્ષથી આપના વિસ્તાર માં કોમ્પ્યૂટર જ્ઞાન પૂરૂ પાડે છે.
H.C.T.R
COMPUTER EDUCATION CEN-
STD 1 TO 12 COMPUTER COURSE
શેઠ શ્રી એચ.એચ.પટેલ હાઈસ્કૂલ
રામનગર સાબરમતી અમદાવાદ-૫.
ફોન નંબર :- ૬૫૪૫૧૨૫૦ મોબાઈ નંબર :
સાબરમતી ITI
1 YEAR GOVERNMENT COURSE I.T.I
GCVT - GANDHINAGAR
I.T.I GOVT.Course
* Software Programing
* MULTIMEDIA
TECH. & DTP
-: વધુ માહિતી માટે સંપર્ક કરો. :-
ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
સેન્ટર કોડ નં. - ૦૧૬૦
યુનિવર્સિટી દ્વારા સરકાર માન્ય કોર્સ
દરેક સરકારી નોકરી માટે ફરજિયાત
CCC
BPP
ધોરણ. ૧૦ કે તેથી ઓછુ ભણેલાને બી.એ., બી.કોમ., થવા માટેના સર્ટીફાઈડ કોર્સ
* CCC,CIC,CTE,CPSE. ના કોમ્પ્યુટર કોર્ષ
* BCA, MCA,BBA,PGDBM
* BPP,CFN,CTM, સર્ટીફીકેટ કોર્ષ
* ઘરે બેઠા BA, B.Com થવા માટે સંપર્ક કરો.
હવે યુનિવર્સિટી તમારા ઘર
ડૉ.સી.વી.રામન
Indira Gandhi National Open
હાલના સંજોગોમાં MBA, MCA, Msc.(IT) જેવી મોભાદાર ડીગ્રીની માંગ વધી રહી છે.
AISECT- IGNOU
Indira Gandhi National Open University
ધોરણ - ૧૦ પછીના અભ્યાસક્રમ
* MS- OFFICE,* D.T.P.
ધોરણ - ૧૨ પછીના અભ્યાસક્રમ
* DCA, * BCA, * BBA, * BA, * B.Com, * BSW
ગ્રેજ્યુએશન પછીના અભ્યાસક્રમ
* PGDCA * MCA * MA * M.Com * MSW
SABARMATI VIDHYAMANDIR TRUST SANCHALIT
ARJUN ENGLISH HIGH SCHOOL
RAMNAGAR,SABARMATI,AHEMDABAD PHONE-32505410
ADDMISSION OPEN IN NURSERY TO STD-10
ગુજરાતી માધ્યમમાં બાલવર્ગમાં પ્રવેશ ચાલુ છે.

શિવમ્.... સત્યમ્.... સુંદરમ્....
॥ સા વિદ્યા યા વિમુક્તયે: ॥
ફોન : (ઓ) ૦૭૯-૨૭૫૦૬૮૯૭
ધર્મનગર શિક્ષણ સંકુલ
બાલવર્ગ / પ્રાથમિક / માધ્યમિક / ઉ.માધ્યમિક (હિન્દી / ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)
ધર્મનગર, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫.
શાળાની ઓળખ :-
ધોરણ-૧ થી અંગ્રેજી તથા હિન્દી શિક્ષણ.
કમ્પ્યુટર શિક્ષણની સુવિધા.
અનુભવી અને નિષ્ઠાવાન શિક્ષણ ગણ.
અદ્યતન પ્રયોગશાળા અને પુસ્તકાલય.
ભૌતિક સુવિધા સભર હવા-ઉજાસવાળુ મકાન.
સંસ્કાર ઘડતર માટે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન.
માધ્યમિક વિભાગમાં પાઠ્યપુસ્તક યોજનાનો લાભ.
માધ્યમિક વિભાગમાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ.
તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અલાયદુ માર્ગદર્શન.
નવી ટેકનોલોજી (સોફ્ટવેર / સી.ડી.) દ્વારા શિક્ષણ સંકુલ.
ગુજરાત સરકાર દ્વારા પ્રસારિત શૈક્ષણિક કાર્યક્રમ શિક્ષણની સુવિધા.
ફ્રી વેકેશન બેચ સુવિધા જેમાં,
ધોરણ-૧૦ ની વેકેશન બેચ.
ઈંગ્લીશ સ્પીકીંગ કોર્સ. (ધો. ૫ થી ૧૦)
કમ્પ્યુટર વેકેશન બેચ. (ધો. ૫ થી ૧૦)
કમ્પ્યુટર દ્વારા વિષય શિક્ષણ. (ધો. ૧ થી ૧૦)

શુભ દિપાવલી
તથા
નૂતન વર્ષાભિનંદન
दीपो भवेत् सुखं नित्यं, नाशयेत् सर्वमापदम्।
दीपज्योतिः परं ब्रह्म, तस्मै दीप्ताय नमो नमः॥
શ્રીમતી મીરા પટેલ, મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા
શ્રી નટવરજી ઠાકોર, ડે. મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા
શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, સ્ટે. કમિટી ચેરમેન, ગાંધીનગર મહાનગરપાલિકા
શ્રી અનિલસિંહ વાઘેલા, શાસક પક્ષના નેતા, ગાંધીનગર મહાનગરપાલિકા
શ્રીમતી સેજલબેન પરમાર, દંડક, ગાંધીનગર મહાનગરપાલિકા